ॐ

તત્ સત્ પરમાત્મને નમઃ

ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્માના સખા

પરમભક્ત.

સુદામાજી

નાટક—ત્રીઅંકી.

ગદ્ય પદ્ય સહીત.

રચી પ્રસિદ્ધ કર્તા.

દલાલ જેઠાલાલ વાડીલાલ.

નરસીંહ મેહેતો નવલના કર્તા.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦

દોહરો.

ધરી અજાચક નીયમને, ભજીયા કૃષ્ણ મોરાર;
નીયમ સાચવ્યો ભક્તનો, કૃપાવંત કિરતાર.

અમદાવાદ.

શ્રી ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ
દેવીદાસ છગનલાલે છાપ્યું

સંવત ૧૯૬૩.   સને ૧૯૦૭.

મુલ્ય ફક્ત ૭ આના.



કૃષ્ણ—રાધા.

અર્પણ પત્રીકા.

ભક્ત વત્સલ દિનદયાળ નોધારાના આધાર

ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્માની

પવિત્ર શેવામાં

ધર્મ, અર્થ, કામ અને મોક્ષના અધિપતી આપની
સુપ્રેરણાથી ભક્તિ બળથી આપના ઇષ્ટ મીત્રના
પદને પ્રાપ્ત થયેલા આપના પરમ ભક્ત સુદા-
માજીનું જીવન ચરિત્ર નાટક રૂપે તમારા શે-
વકે લખ્યું, તે શ્રમ આપ કૃપાળુની કૃપાવડે
કરીનેજ સફળ થયો; તેથી આ તમારા
ભક્તનુંજ નાટકરૂપે તમારી કૃપાથી
લખાયેલું જીવન ચરિત્રનું લઘુ
પુસ્તક આપનેજ સમર્પણ
કરી અત્યાનંદ પામું છું; તો
મુજ રંકની આ અલ્પ
ભેટ સ્વીકારી કૃતાર્થ
કરશોજી.

લી. દાસાનુદાસ

જેઠા.

પ્રસ્તાવના.

સુદામાજી નાટક એ એક ભક્તિ રસનો આબેહુબ ચિતાર છે. જે ભક્તિ વડે કરી ભગવાન કેવા વશ થાય છે તેનો ચિતાર દર્શાવેલો હોવાથી, તેનું, મનન કરવાથી સપુર્ણ આત્મ બોધ મળે છે.

સુદામાજીના અજાચક નીયમને શ્રીકૃષ્ણ મહારાજે ધન્યવાદ આપી તેમનો નિયમ સાચવી મૃત્યુ અને પાતાળનો વૈભવ આપ્યો છે. ભગવાનની ભક્તિ કરવાથી ભગવાન ભક્તને વશ થઈ ભક્તનાં કાર્યો કરે છે તે નિઃસંદેહ છે.

સુદામાજીની સાચી ભક્તિથી ભગવાને ભક્તની પુજા કરી ભક્તનું ચર્ણોદક લીધું છે, એવા ભક્ત વત્સલ ભગવંતને હું તન મનથી પ્રણામ કરૂ છું, અને આવા દાખલાથી જન સમુહને ખાત્રી આપવા માટેજ ભગવાને એક લીલા કરી છે, જેથી પામર પ્રાણીઓ પાપ કર્મ તજી ભક્તિ માર્ગે પ્રવર્ત થઈ, પોતાના આત્માનું કલ્યાણ કરે તે માનવા રૂપ છે.

ભગવાન ફક્ત ભાવનાજ ભુખ્યા છે. સુદામાજીની તાંદુલની ભેટ સ્વીકારી તે તાંદુલમાં અજબ સ્વાદ મુકી આઓ સમક્ષ તે તાંદુલની પ્રસંશા કરી, તે ભેટને ઉત્તમ ગણી છે, એવા પરમ કૃપાવંત કીરતાર ભક્તનું નીચુ પડવા દેતાજ નથી, એવા તે ભક્ત વત્સલ કૃપાળુ છે.

આવા પરમ ભક્તનું ચરિત્ર લખવા ઇશ્વરે મને સદ બુદ્ધિ આપી તેથી હું તે ભક્ત વત્સલ ભગવંતનો તન મનથી આભાર માનું છું, અને આવી સુપ્રેરણા તેજ ઇશ્વરની કૃપાથી પ્રાપ્ત થઇ, તેથી અવતાર સફળ માનું છું.

મારા લખાણમાં લખાણની તથા પ્રુફ સુધારવાની સઘળી ખામીને માટે ક્ષમા માગુ છું.

લી. સેવક.

દલાલ જેઠાલાલ વાડીલાલ.

મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

કૃષ્ણજી— ભગવાને મૃત્યુ લોકમાં ચોદ અવતાર ધારણકર્યાં છે તેમાંનો કૃષ્ણા અવતાર.

બળભદ્ર— કૃષ્ણજીના જેષ્ટ બંધુ તેમના પરમ ભક્ત.

સુદામાજી— ભગવાનના ભક્તિબળે થઇ બેઠેલા ઇષ્ટ મીત્ર.

સદિપનરૂષી—કૃષ્ણજીના ગુરૂ તેમના પરમ ભક્ત.

ઇંદ્રદેવ
ધર્મદેવ } —દેવ મંડળ.
નારદ

સંતુ— સદીપન રૂષીનો ગત થયેલો પણ રૂષી પત્નીની કૃષ્ણ પરમાત્મા પાસેની માગણીથી પાછો લાવી આપેલો પુત્ર.

સુત્રધાર— નાટકકાર.

ચોબદાર, છડીદાર, અનુચર માછી વીગેરે.

સ્રી વર્ગ.

ગંગાબાઇ— સદીપન રૂષીની પત્ની.

જમનાબાઇ— સુદામાજીની પત્ની.

ગનુ— ભગવાને સુદામાજીને બતાવેલી લીલામાં બનાવેલી સુદામાજીની સ્રી.

ઇચ્છી— ગનુંની મા.

લક્ષ્મીજી
સત્યભામા } —કૃષ્ણ પરમાત્માની પટરાણીઓ.
રાધીકાજી
જાંબુવતી

દાશીઓ, વારાંગનાઓ, માછી લોકોની સ્રીઓ, વિગેરે.

ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્માના સખા
પરમ ભક્ત.

સુદામાજી.

નાટક ત્રીઅંકી.

ગદ્ય પદ્યાત્મક.

અંક ૧ લો.

મંગળા ચરણ.

સુત્રધાર— ઇશ્વર સ્તુતિ.

ગાયન ૧

પ્રેમે પ્રભુજી નમુ, કર્તા હર્તા પ્રાણી સર્વના—પ્રેમે
તારણ તરણ, સુખનો ભરણ, સુંદીર વરણ શામ—પ્રેમે
પાર તમારો કોઇ ન પામ્યો, શરણે આવ્યો દુઃખ વિરામ્યો;
પ્રેમે નામ્યો. શિવ સુખ પામ્યો, ભવ ભય વામ્યો, જામ્યો;—પ્રેમે
ભક્ત કૃતિ અતિ આનંદકારી, ભજવુ આશ્રય તુજ મોરારી;
સન્મતિ આપો કુમતિ કાપો, સાહ્ય માગુ કીરતાર તુમારી; પ્રેમે

(પડદા તરફ જોઇ) હજુ પ્રિયા કેમ નહિ આવી ?
(નટી આવે છે.)

નટી—કેમ પ્રાણનાથ શું વિચાર ચાલી રહ્યો છે ? વળી આ રંગ ભુમી ઉપર સર્વે સભા જનોને શા માટે

આમંત્રણ કર્યું છે, તે કૃપા કરી આ દાસીને જણાવો.

સુત્રધાર—પ્રિયા આજના આનંદોત્સવમાં આમંત્રણ કરી બોલાવેલા સભા સજ્જનો સમક્ષ, એકાદો નવિન પ્રયોગ ભજવી બતાવવાનો છે।

નટી—પ્રાણનાથ। એવો કીયો નવિન પ્રયોગ ભજવવો ધાર્યો છે।

સુત્રધાર—તેનાજ વિચારમાં પડ્યો, અને તે વિચારમાં સન્મતી મેળવવા માટેજ તમોને આમંત્રણ કરી અત્રે બોલાવ્યાં છે.

નટી—વિચાર શેનો ? જે પ્રયોગ સારો લાગે તે પ્રયોગ ભજવો.

સુત્રધાર—પ્રિયા મારૂ મન તો જમાનાનું સાર શ્રંગાર રસ અને હાસ્યરસના ફુકરાથી દેદિપ્યમાન પ્રયોગ સભાજનો સમક્ષ ભજવાય, તો તેથી સભજનોને રમુજ મળતાં તેમનાં મન આનદિત બની નવિન પ્રયોગ દુનિયા ઉપર પસાર કરે; તે વિશે તમારો શું મત છે।

નટી—પ્રાણનાથ। મારા મનમાં તે વાત બીલકુલ રૂચતી નથી, કારણ તેવા પ્રયોગ જોઇ કેટલાક પ્રેક્ષકોના મન, અવળે રસ્તે દોરાઇ મદ્ય આદિમાં ખુવાર બન્યાં છે, કેટલાકનાં મન વ્યભીચારથી ખુવાર બન્યાં છે, ને સુસાર તો કોઇ વિરલાજ ગ્રહણ કરે છે, અને ઇશ્વર ભક્તિનું તો નામજ નથી; માટે કોઇ એવો પ્રયોગ ભજવો, કે જેના દાખલાથી સર્વ પ્રેક્ષકોના મન ઉપર ઇશ્વર ભક્તિની છાપ સજ્જડ બેસી જાય, જેથી ભરતભુમીનું કલ્યાણ થાય, અને કર્તાની કલમ ભરતભુમીનું કલ્યાણ કર્તા કહેવાય.

સુત્રધાર—પ્રિયા તેવો કોઇ પ્રયોગ હાલ સુધીમાં લખાયો કે ભજવાયો નથી, કે જેમાં શ્રંગારરસ કે હાસ્યરસ ન હોય; આજ કાલ ભક્તિ માર્ગના પ્રયોગો પણ, સુકવીઓથી શ્રંગારરસ, તથા હાસ્યરસના ફકરાઓથી જ દીપાવવામાં આવ્યા છે, અને તેને લીધેજ આ ભર્ત ભૂમી ઉપર પસાર પણ થઇ ગયા છે.

નટી—તે ગમે તેમ પસાર થયા હોય પણ—

ગીતી.

શ્રંગાર રસમાં રહીને, ભક્તિ પ્રભુની કદી નહિ થાયે;
હાસ્યરસના ફકરાથી, ભ્રમીત મનથી ભક્તિ ભૂલાયે.

સુત્રધાર—બસ, બસ, પ્રીયા! હવે મારી ખાતરી થઇ કે તમારૂ મન દેશ કલ્યાણ તરફ સારી રીતે લાગેલું છે; આજ સુધી મારૂ મન શંકાશિલ હતું, તેથી તમારા મનની ખાતરી જોવા તમારી સાથે આટલો વીવાદ કર્યો, અને આજના આણંદ ઓત્સવમાં તમારી ઇચ્છાનુસાર પ્રયોગ ભજવવાનું નક્કી કરી, સામે બીરાજેલા સર્વે સભા સજ્જનોને આમંત્રણ કર્યું છે, અને તૈયારી પણ થઇ ગઇ છે

નટી—તે પ્રયોગ કયો ?

સુત્રધાર—

ગીતી.

રાજનગર નિવાશી, જે. વી. દલાલ કૃત ભજવું હું આહે;
પરમ ભક્ત પ્રભુ કેરા, જગ જાહેર સુદામા કહેવાએ.

નટી—પ્રાણનાથ! સુદામાજીનું નામ સાંભળી મારૂ મંન હર્ષીત બન્યું છે, આજ આપણાં પણ અહો ભાગ્ય

કે જે ભક્તના ગુણને ગાતાં પાપ સર્વે પ્રલય થાય,
તેનોજ ચિતાર ભજવવો, એવો અલભ્ય લાભ બીજો
કયો મળવાનો છે.

ને પૃથ્યમાં—

સત્ય નામ શ્રી હરીનુ ભવો દધી તારનાર—
રટણુ નહિ તજવું કદી, સમજી સત્ય સાર—

નટી—પ્રાણનાથ ! આ શું સંભળાય છે.

સુત્રધાર—પ્રીયા ! સદીપન રૂષીના મઠમાં કૃષ્ણજીના હાથ નીચે સર્વે શીષ્યો ઇશ્વર સ્તવનનો પાઠ કરે છે, તેમનો આ સ્વર છે, માટે ચાલો આપણે પણ તે ઇશ્વરના પરમ ભક્તનું અવલોકન ન કરી ભવાતા પ્રયોગમાં ભાગ લેવા સત્વર જઇએ.

નટી—પ્રાણનાથ ભક્તના ગુણનુ અવલોકન શા માટે કરીએ ! સાક્ષાત ઇશ્વરના ગુણનું અવલોકન ન કરીએ, કે જેથી પરમ પદ મળે.

સુત્રધાર—પ્રીયા ! જેમ સતી પતીને ભજે છે, જેમ ભક્ત ભગવાનને ભજે છે, તેમ ભગવાન ભક્તને ભજે છે; ભક્તને ઘડી પણ વીસરતા નથી, માટે ભગવાન પોતે જેને ભજે, તેવાને ભજવાથી વિશેષ લાભ મળે છે; ભગવાનને ભક્ત જન અતિશય પ્રીય છે. માટે ભક્તના ગુણનુજ અવલોકન કરો.

નટી—જેવી પ્રાણેશની આજ્ઞા.

ગાયન ૨ જું.

(ભરપુર શુરવીરનાં) એ રાહ,

ગુણ ગાન ભક્તિવાનનાં આ જગતમાં ગવાય.

તેને ભજે ભગવાન જે ભગવાન ભજે જાય.
ધન્ય ધન્ય તેને જગ માંય,
વાહ વાહ તેની ઉચરાય.
ભક્તિમાં ભમતારે—પ્રભુને ગમતારે,
સાચા ભક્ત સુદામાજી કહેવાય.
જેની ભગવાને કરી શેવાય—ગુણગાન.

પ્રવેશ પહેલો.

સ્થળ—સદીપન રૂષીનો મઠ.

પાત્રો—કૃષ્ણજી, સુદામાજી, બળરામ, બીજા શીષ્યો, ગંગાબાઇ, પાછળથી સદિપન રૂષિ.

શીષ્યો—ઇશ્વર સ્તવનનો પાઠ.

ગાયન ૧ લું.

સત્ય નામ શ્રી હરીનું, ભવો દધી તારનાર—
રટણુ નહીં તજવું કદી, સમજી સત્ય સાર—
કાપી પાપ પાસને, સુધમ મુકનાર--
જગ જાળમાં ફસાયે તેહ, મુર્ખ ચુકનાર--
અમુલ્ય રત્ન માનવ ભવ, ફરી નહીં મળનાર—
મોહ જાળ ત્રોડી રહો નીત્ય નિર્વિકાર—
કોઇ ભજતા **રામ રહેમાન**, કોઇ ભજે **કિરનાર**—
સત્ય એક પરિબ્રહ્મ, વંદો ધારી પ્યાર—

શીષ્યો—**કૃષ્ણજી** નિત્ય કર્મ કરવાનો સમય થયો છે, માટે આજ્ઞા આપો તો જઇએ.

કૃષ્ણજી—જેમણે નિત્યકર્મ ના કર્યું હોય, તેજાઓ. (શીષ્યો જાય છે ગંગાબાઈ આવે છે),

ગંગાબાઇ—કૃષ્ણજી! તમો ત્રણ કેમ? બીજા શીષ્યો ક્યાં?

કૃષ્ણજી—માતાજી! અમે ત્રણ જણ સવારમાં વહેલા ઉઠી નિત્ય કર્મથી પરવાર્યા હતા, ને બાકીનાઓએ નિત્ય કર્મ કર્યું નહોતું, તેથી નિત્ય કર્મ કરવા ગયા છે; કાંઇ કામ હતું?

ગંગાબાઇ—ના, ના, કામતો કાંઇ નથી. સરપણ નથી તે લેવા મોકલવા હતા, માટે પુછ્યું; જ્યારે તેઓ આવે ત્યારે તેમને સરપણ લેવા મોકલજો,ને કહેજો કે સરપણ લઇને ઝટ આવે, નહિ તો રસોઇનું મોડું થશે, કારણ સરપણ ઘરમાં મુદ્દલ નથી.

કૃષ્ણજી—માતાજી! તેમાં બીજા શીષ્યોનું શું કામ છે, અમો ત્રણ જણ જઇ હાલ લઇ આવીએ છીએ; કારણ તેમને નિત્ય કર્મથી પરવારીને આવતાં વાર થશે.

ગંગાબાઇ—તેમને વાર લાગે તેની કાંઇ ચિંતા નહિ, પણ તે કામ તમારા લાયકનું નથી.

કૃષ્ણજી—માતાજી અમારા લાયકનું નથી એમ શા માટે કહો છો! શું અમે તમારા શીષ્યો નથી! એવી તે અમારી શી કસુર થઈ છે. કે ગુરૂ શેવાથી વીમુખ બન્યા!

ગંગાબાઈ—શીષ્યો નથી તેમ ક્યાં કહ્યું છું! પણ રૂષીજીએ તમો ત્રણેને ગૃહ શેવાનું કામ નહિ બતાવવાની ખાસ ભલામણ કરી છે, તેથી બીજા શીષ્યોને મોકલજો.

કૃષ્ણજી—માતાજી! કૃપાળુ માતાજી! તમે કહ્યું તે ખરૂં હશે, પણ તેમને આવતાં વાર થશે, ને ગુરૂ-

જીએ તમને ભલામણ કરી હતી. તે તેમની હાજરીમાં, ગેરહાજરીમાં નહિ; માટે ખુશી થઇ અમને સરપણ લેવા જવાની આજ્ઞા આપી કૃતાર્થ કરો.

ગંગાબાઇ—ખાલી હઠ શા માટે કરો છો? સમજુ થઇ આવી હઠ કરવી તમોને ઘટે!

કૃષ્ણજી—જો તમારી, તથા ગુરૂજીની શેવા ન ઉઠાવીએ, તો અમારૂં માન ન ઘટે?

ગંગાબાઇ—પણ રૂષીજીની ભલામણ છતાં, આવું કામ તે મારાથી બતાવાય!

કૃષ્ણજી—ત્યારે ગુરૂ શેવાની આવી અમુલ્ય તક જવા દેવાય?

ગંગાબાઇ—નાહક હઠ શા માટે કરોછો!

કૃષ્ણજી—માતાજી નાહક હઠ નથી, જુઓ સાંભળો.

ગાયન ૨ જું.

કૃષ્ણ, સુદામા, બળરામ—

(હરમાન ધરમાંહી હડીઓ કરે) એ રાહ.

ત્રણે—હાલજ જાઇશું, નહી રોકાઇશું, આજ્ઞા દીઓ માજી રાજી થઇ;

ગંગાબાઈ—રૂષીની આજ્ઞા હું કેમ ઉત્થાપું, ના, ના, હું જાવા દેનાર નહિ;

સુદામા—શાને માટે ના જવા કહો છો?

બળરામ... ... ... રૂષીજીની બ્હીક ખોટી લહો છો.

ગંગાબાઈ—ઠપકો દીયે હઠ કરો નહિ—

ત્રણે ... ... હાલજ.

કૃષ્ણજી—જાવા રજા દયો.

સુદામા ... ... હઠ તજી દયો,

ગંગાબાઇ—જાવાની આજ્ઞા હું દેનાર નહિ;

ત્રણે ... ... હાલજ.

તમે છો માતા. રૂષીજી ત્રાતા, ના નહિ કહેશો રોકાનાર નહિ.

ગંગાબાઈ—જાઓ સુખેથી શું કહું મુખેથી, હઠ આગળ રહી લાચાર થઇ;

ત્રણે ... ... હાલજ.

(ત્રણે જાય છે.)

ગંગાબાઇ—ત્રણે જણ પરાણે આજ્ઞા લઇ સરપણ લેવા ગયા, પણ રૂષિજીના આવતાં પહેલાં આવી પહોંચે તો તો ઠીક, નહી તો રૂષીજી ઠપકો આપશે; હશે જે હરિએ ધાર્યું હશે તે થશે. ચાલ્ય રસોઇ માટે સીધુ સામાન તૈયાર કરૂ, (જવાની તૈયારી કરે છે ત્યાં રૂષીજી આવે છે)

સદિપનરૂષિ—પ્રીયા ! કૃષ્ણજી આદિ શીષ્યો ક્યાં ગયા? તમો એકલાં કેમ ?

ગંગાબાઇ—પ્રાણનાથ ! કૃષ્ણજી, સુદામા અને બળરામ ના કહેવા છતાં હઠ કરી સરપણ લેવા ગયા છે, અને બીજા શિષ્યો નિત્યકર્મ કરવા ગયા છે.

સદિપનરૂષિ—વાહ પ્રીયા ! આ તમોને શું સુજ્યું ! સાક્ષાત નારાયણના સ્વરૂપને પણ ન ઓળખ્યા ? તેમણે તો માનસીક લીલા કરી, હઠ કરી પણ તમોએ તેમને ગ્રહ શેવાનુ કામ નહિ બતાવાની ખાસ

ભલામણુ કર્યા છતાં, સરપણુ લેવા કેમ મોકલ્યા, આવા ભર ચોમાસામાં તેમને સરપણુ લેવા મોકલતાં તમને જરા વિચાર નહિ આવ્યો! દિનાનાથ પાસે દાસત્વ કરાવી તે પાપનો પોટલો કયે જનમ છુટશો; ઠીક! જે તમને સુજ્યું તે ખરૂં; હુ તેમની શોધમાં જાઉં છું, ને તેડીને હાલ આવું છું, તમો શેવા સામગ્રી તેયાર કરો.

ગંગાબાઈ—પ્રાણુનાથ એમાં મારો બીલકુલ દોષ નથી, મેં તેમને બહુ વાર્યા, પણુ ઘણીજ હઠ કરી તેથી મારો ઉપાય ચાલ્યો નહિ.

સદ્દિપનરૂષિ—પ્રીયા તેમની લીલા ન્યારી છે, તેમની માયાની બલીહારી છે.

ગંગાબાઈ—પ્રાણુ પ્રભુ! મારો બીલકુલ દોષ નથી; અને જો મારો દોષ આપની નજરમાં આવતો હોય, તો તેમને પુછી ખાત્રી કરજો.

સદ્દિપનરૂષિ—ખાત્રીનું કાંઇ કામ નથી, મેં તો તમારા હીતને માટે કહ્યું; હું જાઉ છું, તમો પુષ્પ, ચંદન, વિગરે તૈયાર કરો.

(જાય છે.)

ગંગાબાઈ—પ્રાણુ પ્રભુનો કૃષ્ણુજી પ્રત્યે પ્રભુતા ભાવ છે, પણુ મને કાંઇ સમજણુ પડતી નથી; તેઓ ના કહેવા છતાં હઠ કરીને સરપણુ લેવા ગયા, તેમાં મારો શું દોષ; તેમનું જવું શું! પ્રાણુ પ્રભુનું અણુચિતવ્યું આવી પહોંચવું શું! ઇશ્વર ઇચ્છાનું સારજ બન્યા કરે છે; પણુ હું વિચારમાં કેમ પડી છું, તેતો હમણાં તે ત્રણે જણુને તેડીને આવી પહોંચશે, માટે તેમના આવતા પહેલાં

ભેળા સામગ્રી તૈયાર કરૂં, નહિતર વખારે ઠપકાને પાત્ર થઇશ. (જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ઉપવન

પાત્ર—સંદિપન રૂષિ

સંદિપનરૂષિ—આટલામાંતો ક્યાંઇ દેખાતા નથી. પેલા સામેના પહાડ પાસે હશે. પણ વાહરે કૃષ્ણજી તમારી લીલા ! આ પાસે હઠ કરી રજા મેળવી સર્પણ લેવા આવ્યા, ને હજુ સુધી આને તમારૂ ખરૂ સ્વરૂપ જણાવા નહી દીધું. તમારી કળા અજબ છે, તમારી કળાનો પાર પામવા કોઈ શક્તિવાન નથી.

ગાયન. ૩

(છે અજબ પ્રેમની અગન) એ રાહ.

છે અકળ કળા તુમ પરમ—
કોણ કળી શકે તુમ ભરમ, ભરમ,
કોણ કળી શકે તુમ ભરમ, મ્હોટા છે મરમ,
કરો તુચ્છ કરમ, કળા તુમ પરમ—છે
જગનાથ છતાં દિન દાસ બનીને દોડો,
કિરતાર છતાં લીલામાં પ્રભુતા છોડો;
છુપાવા પ્રભુતા કરો તુચ્છ કરમ તજી ધરમ.—છે
ચિત્ત જેનું તુમમાં તેજ તમોને જાણે,
સાચી ભક્તિથી ખરૂ રૂપ પીછાણે;
ભક્તોના દાસ બની દોડો તજી તમે શરમ.—છે

ચાલ્ય સામેના પહાડ પાસે તપાસ કરૂં (જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ-પહાડનો દેખાવ—વર્ષાદનો સીન

પાત્ર—કૃષ્ણજી, સુદામાજી, બળરામ, પાછળથી સદિપનરૂષિ.

સુદામાજી—કૃષ્ણજી ! આપણે ઘણા દુર નીકળી આવ્યા: હવે તાકીદે સર્પણ વીણી ભારા બાંધી ઘર તરફ ચાલો, કારણ આકાશ વાદળથી ઘનઘોર થઈ ર-હ્યું છે, અને વિજળીઓ ઝબકારા મારી રહી છે, જો વર્ષાદ થશે તો આપણને ઘેર જતાં મોડું થ-શે, અને ગોરાણી ચિંતાતુર થશે, ને બીજા શીષ્યો ને આપણી શોધમાં મોકલશે.

કૃષ્ણજી—ચાલો સર્પણ વીણવા માંડો (ત્રણે જણ સર્પણ વીણી ભારા બાંધે છે ત્યાં વર્ષાદ આવે છે)

સુદામાજી—કૃષ્ણજી વર્ષાદ પુષ્કળ આવ્યો, હું તો ટાઢથી ઠુંઠવાઈ જાઉ છું.

કૃષ્ણજી—સુદામાજી ! ગભરાઓછો શા માટે ! ચાલો પે-લા સામેના પહાડ ઉપર જઈએ; ત્યાં જઈ આ સોપાલવના વૃક્ષ નીચે જઈ, તે વૃક્ષનો આશ્રય લઈએ, ઘટા સારી છે, તેથી વર્ષાદ આપણને હેરાન કરશે નહી; વર્ષાદ ધીમો પડેથી જઈશું.

સુદામાજી—ભલે પધારો.

(ત્રણે પહાડ ઉપર જાય છે, સદિપનરૂષિ આવે છે)

સાદિપનરૂષિ—વર્ષાદ પુષ્કળ આવ્યો, હવે આવા જ-ર વર્ષાદમાં ક્યાં શોધું.

ગાયન ૪ થું

(ગયો ક્યાં લઈ મને દીલજાન) એ રાગ.

હશો ક્યાં કૃષ્ણજી આતમરામ-ભક્ત સુદામાને બળરામ—હશો.

ઘર ઘર ભટક્યો વનવન ભટક્યો–શોધી વળ્યો બધુ રાન.
તોપણ પત્તો મળ્યો ન મુજને–ભુલ્યો સઘળુ ભાન–હશો."
દાસને દોશિત કરો શા માટે–કરી આવાં તુચ્છ કામ,
મહેર કરી હવે દર્શન આપો–તમો એ સુંદીર શ્યામ–હશો.

(વર્ષાદ રહી જાય છે)

સદિપનરૂષિ—હવે આ વર્ષાદ રહી ગયો, ચાલ્ય આગળ તપાસ કરૂ. (જાય છે; કૃષ્ણજી, સુદામાજી અને બળરામ આવે છે)

સુદામાજી—કૃષ્ણજી વર્ષાદ રહી ગયો, ચાલો ઘેર, વાર ઘણી થઈ, ગોરાણી ચીંતાતુર થતાં હશે, અને બીજા શીષ્યોને આપણી શોધમાં મોકલ્યા હશે.

કૃષ્ણજી—ભલે ચાલો (સામે જોઇ) પણ પેલુ કોણ આવે છે, એ તો ગુરૂજી આપણી શોધમાં આવ્યા હોય તેમ જણાય છે ! આપણી શોધમાં કેવા બ્હાવરા જેવા બની આપણને શોધે છે.

સુદામાજી—ચાલો ચાલો ગુરૂજીને વંદન કરી, તેમના ચીતનું શાંત્વન કરીએ; (સામા જાય છે)

સદિપનરૂષિ—ક્યાં છો ! ક્યાં છો ! મારા નગીના નટવર, પરમ પુરૂષોતમ, કૃપાળુ, કેશવ, એવાં તે આ દાસનાં શું પ્રશ્ચિત છે કે દર્શન આપતા નથી. (કૃષ્ણજી, સુદામાજી અને બળરામ આવી ગુરૂજીને વંદન કરે છે.)

કૃષ્ણજી—ગુરૂજી ! વંદન કરીએ છીએ.

સદિપનરૂષિ—(કૃષ્ણજીના ચરણમાં પડે છે) કૃષ્ણપરમાત્મા વંદન કરૂં છું. (કૃષ્ણજી ગુરૂજીનો હાથ ઝાલી ઊઠાડે છે)

કૃષ્ણજી—ગુરૂજી આ શું કરો છો!

સદિપનરૂષિ—દીનબેલી દયાળું દામોદરને વંદન.

કૃષ્ણજી—ગુરૂજી! આતે તમોને ઘટે.

સદિપનરૂષિ—દયાળુ દામોદરને વંદન કરવાથી લક્ષ ચોર્યાંશીનો ફેરો ન મટે.

કૃષ્ણજી—શું દાસને દોષિત કરવો ધાર્યો છે?

સદિપનરૂષિ—દીનાનાથ! દોષિત તે તમો કરોછો કે હું.

કૃષ્ણજી—ગુરૂજી ચંદ્ર ચાંદનીના પગે પડે, તો ચાંદની દોષિત ન થાય, ઠાકર ચાકરને પગે, પડે તો ચાકર દોષિત ન થાય, પિતા પુત્રને પગે પડે તો પુત્ર દોષિત ન થાય; તેમ તમો ગુરૂજી હું શીષ્યને પગે પડો છો, તો હું દોષિત કેમ ન થઊં. માટે કાંઇ વીચાર કરો.

સદિપનરૂષિ—વિચાર શું કરૂં! ખોટું શા માટે સમજાવો છો?

કૃષ્ણજી—ત્યારે તમો ગુરૂજી નહી.

સદિપનરૂષિ—તમારી માનસીક લીલામાં ગુરૂ ખરો. પણ જ્ઞાનની નજરમાં નહી; હું ગુરૂ અને તમો શીષ્ય, એટલે ગુલાબ અને આકડામાં જેટલો અંતર છે, મ્હેશ અને કળી ચુનામાં જેટલો અંતર છે, સુરજ અને આગીયામાં જેટલો અંતર છે, તેટલો તમારામાં અને મારામાં અંતર છે; હું એક પામર પ્રાણી છું, તમો પ્રાણી માત્ર ઉપર દયા દેખાડનાર દયાળુ દેવ છો; હું એક તુચ્છ જંતુ છું, તમો જંતુઓને પાળનાર પરમ પુરૂષોત્તમ છો; હું એક

જગતની મોહ જાળમાં ફસાએલો દુર્બળ જીવ છું, તમો તે મોહ જાળ ત્રોડી, ચરણપદ આપી, દુર્બળને સબળ કરનાર, સાક્ષાત નારાયણ છો. મીણીઆ મોતીની અને સાચા મોતીની સરખામણી કદી સાંભળી છે ? કાચના હીરાની અને ખરા હીરાની સરખામણી કદી જોઇ છે ? નરમ પીતળ અને શુદ્ધ સોનાની સરખામણી કદી થઈ છે? નજ થાય. તેમજ તમો દીનબેલી. દયાળું દામોદરની સરખામણી હું એક પામર પ્રાણી સાથે કેવી રીતે થાય ! મીણીઆ મોતીને ફુટતાં વાર કેટલી, કાચના હીરાને વટતાં વાર કેટલી, પીતળને તાપમાં કાળું પડતાં વાર કેટલી, તેમજ તમો દયાળુ દેવના સરખામણીમાંથી હું એક પામર પ્રાણીને ઉડી જતાં વાર કેટલી ?

કૃષ્ણજી—ગુરૂજી દુનિયાં શું ધારે છે ?

સાંદિપનરૂષિ—દુનિયાં ગમે તે ધારે, પણ તમારૂ મન શું ધારે છે ?

કૃષ્ણજી—(ગુરૂજી મહારા સ્વરૂપને જાણે છે) મારૂ મન તો જે ધારે છે, તે ધારે છે, તે વાત અત્સારે નહી, પણ વખત આવે ત્યારે છે.

સાંદિપનરૂષિ—પણ મહારાજ ! હું જ્ઞાનને રસ્તે દોરાઈ, તમારા ખરા સ્વરૂપને જાણવાવાળાને પાછો માયાની જાળમાં સપડાવશો નહી. એટલી માગણી છે, વીનંતી છે.

કૃષ્ણજી—ગુરૂજી સૌ સારાં વાનાં થશે, હાલ ઘેર ચાલો, અમારાં માતુશ્રી ચીંતાતુર થતાં હશે, કારણ કે

વાર ઘણીજ થઇ.

સદિપનરૂષિ—ભલે પધારો: જેવી તમારી ઇચ્છા.

(સર્વે જાય છે, કૃષ્ણજી પાછા આવે છે)

કૃષ્ણજી— ગાયન ૫ મું.

ભક્તિ ભાવે જે ભજે, તેનાથી હું જુદો નહી.
જગ જાગ ત્રોડી, શરણે આવે, તેનો રહું હુ દાસ થઇ—ભક્તિ.
ભક્ત ભીડે જાઉ દોડી, વ્હાર હું કરનાર સહી;
જો ભક્તિની સાચી ટેક, રાખે મનથી અડગ રહી—ભક્તિ.
સત્ય રૂપ જાણ્યું મારૂ, ગુરૂજીએ જ્ઞાની થઇ;
પાવન કરૂ બન્નેને પ્રીતે, સત્ય રૂપે દર્શ દઇ—ભક્તિ.

(જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—સદિપન રૂષીનો મઠ.

પાત્ર—ગંગાબાઈ, સદીપન રૂષી, કૃષ્ણજી, સુદામા, બળરામ,

ગંગાબાઇ—હજુ કૃષ્ણજી વીશે મને સંદેહ રહે છે; પ્રાણનાથ તેમના પ્રત્યે પ્રભુતા ભાવ શાથી રાખતા હશે! શું તે પ્રભુજીનો અવતાર છે! ના! ના! તે પ્રભુજીનો અવતાર તો નથી જ. કારણ—

ગાયન. ૬ ઠું

(નજર કરો નાથ જરા નીરખી) એ રાહ

કૃષ્ણજીને ગણે પ્રભુ—નાથ શું વિચારી,
નથી જણાતી જોતાં મુજને—પ્રભુતા લગારી.—કૃષ્ણ.

સાખી

શુદ્ધ સરસ્વતી માતનો—જેની જીભ્હે વાસ.
તે શા કારણ આવીયા. ભણવા રૂષીજી પાસ,
ભણવાની જરૂર નાહી, એજ શંકા કારી—કૃષ્ણજી.

સાખી.

સત્ય પ્રભુ શેવે સહુ, ભક્તિ કરે અપાર;
તે શું મુજ ઘરમાં વશે, શીષ્ય બની લાચાર.
નાથ નાથ નાથ કૃષ્ણ—પ્રભુ અવતારી—કૃષ્ણજી.
વાત કીધી રૂષિજીએ, શંકા શીળ ભાળી;
પરછો બતાવી દઇશ શંકા તુજ ટાળી.
નાના તેવી વાત કદી, નહી બનનારી—કૃષ્ણજી.

પણ હજુ પ્રાણનાથ કેમ ન આવ્યા ! (સામે જોઇ) ત્રણે જણને સાથે લઇ એ આવે ! એતો એજ.

ત્રણે—માતાજી વંદન કરીએ છીએ.

ગંગાબાઇ—પુત્રો તમારો જય થાઓ;

કૃષ્ણજી—માતા પીતા ! આપ પવિત્રના પ્રતાપથી અમો સર્વ વિદ્યામાં કુશળ થયા છીએ, તો ગુરૂ દક્ષણામાં ઇચ્છિત વર માગી લઇ, સુપ્રસન્ન થઇ, અમોને અમારે ઘેર જવાની આજ્ઞા આપો.

સદિપનરૂષિ—હે પરમ કૃપાળુ પુરૂષોતમ ! આપનો વિયોગ કારી ઘા માફક સાલસે; જો કે તમો ઘટઘટવ્યાપક તો છોજ, છતાં તમારાં સાક્ષાત દર્શન કે જે દેવને દુર્લભ તે ક્યારે મળનાર છે; હવે તમારીજ ઇચ્છા થઈ છે, તો હું થી શી રીતે રોકી રખાય તેમ છે; ઇચ્છીત વર આપવા કહો છો, તો તમારી ભક્તિ શિવાય અન્ય ઇચ્છા નથી.

કૃષ્ણજી—ગુરૂજી તેતો તમોને પ્રાપ્ત થઇ ચુકી છે, પણ બીજી કાંઇ ઇચ્છીત માગણી કરો.

સદિપનરૂષિ—બીજી માગણી શું કરૂ ! દ્રવ્યની લાલસા

બીલકુલ નથી; કારણકે તે જાતે ચળીત છે, તેથી તન અને મનને ચળાવી ભક્તિ ભુલાવે, તેથી શિવપુરને બદલે યમપુર બતાવે, માટે તે ન જોઇએ; પણ છેવટમાં તમારૂ ચરણપદ મળે એટલી જ માગણી છે, દોલતની ઇચ્છા બીલકુલ નથી; જુઓ સાંભળો!

ગાયન ૭ મું.

(નથી કંઇ સાધન સુખ ધનમાં) એ રાગ

ખરેખર દોલત રૂપ દરિયો—પાપ પ્રપંચ નીરે ભરીયો,
ચઢીતે ડૂબ્યો નહી તરીયો—
નામ હરીનું મુખે નાવે—ભજનમાં ચિત્ત નહી જાવે,
તો ક્યાંથી શિવપુર પાવે—નક્કી યમપુર તે બતલાવે,
માટે નવ ઇચ્છું પ્રભુજી એ માયાની ડીકરીયો—ખરે.

કૃષ્ણજી—ગુરૂજી તમોને ઇચ્છીત વર પ્રાપ્ત થશે. (ગંગાબાઇને) માતુશ્રી તમો પણ ઇચ્છીત વર માગી લઇ પુત્રોને ગુરૂ રૂણથી મુક્ત કરો.

ગંગાબાઈ—(સ્વગત પ્રાણનાથના મનોભાવ તો તેના તેજ રહ્યા પણ મારી શંકા મટી નહી, માટે શંકા ટાળવાનો આવો અમુલ્ય અવસર મળ્યો છે તે ખોવો નહી. ગત મનુષ્યને પાછું લાવવું, તે સાક્ષાત ઇશ્વર શીવાય બીજાથી નજ બને, માટે તેવી માગણી કરૂ એટલે શંકાનું નીવારણ થશે, ને રૂષીજીના મનોભાવ આપોઆપ બદલાશે; મારી તો ખાત્રી છે કે કૃષ્ણજી ઇશ્વરનો અવતાર તો નથીજ (પ્રગટ) કૃષ્ણજી, ગુરૂ દક્ષણામાં મને મારો

ગત પુત્ર લાવી આપો, કારણ પુત્રથી વધારે કોઈ બીજ માતાને હોયજ નહી. માટે આ માગણી સ્વીકારોને પુત્રને લાવી આપી સુખેથી પધારો,

કૃષ્ણજી—માતાજી હવામાં મહેલ ક્યાંથી બંધાય, ઝાંઝવાનાં નીર કેવી રીતે મેળવાય, ઝેરનું અમૃત કેવી રીતે થાય, તેમજ ગત મનુષ્ય પાછું કેવી રીતે મળે, માટે બીજી કંઈ માગણી કરો.

ગંગાબાઇ—(મારી તો ખાત્રી હતી કે કૃષ્ણજી ઇશ્વરનો અવતાર નથીજ પરંતુ રૂપીજીની ખાત્રી કરી આપવાનો સમય ઠીક આવ્યો છે.) પુત્ર મરણથી દુઃખણી બનેલીને પુત્ર લાવી આપી સુખી કરો. બીજી કાંઈજ ઇચ્છા નથી.

કૃષ્ણજી—માતાજી ગઈ તક વહેલો વખત અને ગઈ જીદગી થોડીજ મળે છે (ગોરાણી હજુ મારા સ્વપને જાણતાં નથી.)

ગંગાબાઈ—(હવે મશ્કરીમાં તેમને પ્રભુજ માની લેવા એટલે પ્રાણનાથને ખાત્રી અપાય) મહારાજ અજાણ્યાને તાવો, માનું છું તેજ લાવો, જો નહી લાવો તો થોડોજ છે દાવો; તમારો બોલ ગયો, હમારો ખેલ ગયો, પુત્ર શિવાય બીજું કાંઇજ ઇચ્છતી નથી, સાક્ષાત ઇશ્વરનો અવતાર જાણીને જ માગણું કરી છે. જુઓ સાંભળો.

ગંગાબાઇ— ગાયન ૮.

(માગ તનમાં મનમાં ભર્યાં છે દર્યાં છે) એ રાહ.

મારા ચિતમાં હીતના આવે છે થાવે છે વિચાર કે દુઃખ જાશે,
વળી પ્રભુજીના સાક્ષાત દર્શન, દુઃખ જઈ સુખ થાશે—મારા.

પુત્ર મરણુથી દુખી આ કાય, કોને કહો કહેવાય.
તુમ થકી પુત્ર સંયોગ થાશે,
કૃષ્ણુ—લાવું છું બેટા ઉલ્હાસે.
ગંગાબાઇ—.................................મારા.
(કૃષ્ણજી જાય છે.)
સુદામા—ગુરૂજી પુજન સમય થઇ ગયો છે માટે પધારો.
(ગંગાબાઈ શિવાય સર્વ જાય છે.)
ગંગાબાઇ—અરે ! હજી પણ મારા મનને વિચાર કેમ થયા કરે છે શું કૃષ્ણુજી ઇશ્વરનો અવતાર છે. હા છેજ. જો તેમ ન હોત તો પુત્ર લેવા જાતજ શું કરવા. શું લાવશે ? હા હા લઇનેજ આવશે. જો ન લાવે તેમ હોત તો જાતજ શું કરવા. શું સાક્ષાત ઇશ્વરના અવતાર કૃષ્ણુજી મારા ઘરમાં શિષ્ય ભાવે રહ્યા પણ મેં પાપણીએ ન ઓળખ્યા ને તેમની પાસે મેં ગૃહ સેવા કરાવી પાપનો પોટલો બાંધ્યો હવે આ હત્ ભાગિણીનો ક્યાં છુટકો થવો છે.

ગાયન ૯ મું.

(રે મન ભમરા શું બરમાવ) એ રાહ.

રે મુજ સમ મુરખ કો નહી, કૃપાળુ કેશવ મેં નવ જાણ્યા.
પોતે પધાર્યા અહી—રે
દેવ ને દાનવ કરે તપ દરશન કાજે, લાખો વરસ જાએ
વહી—રે
તો પણુ દરસન દુર્લભ તેને, મળતાં ન કદીએરે—સ્વપ્નમાં
પાવન કરી ઘેર રહી—પણુ હું અજાણુ રહી—રે

ચાલ્ય પતિત દેહને પાવન કરવાનો ઉપાય પ્રાણુનાથને પુછી પ્રવીણુ થાઉં. કાશી જઇ કરવત મુકાવું કે હીમાળે જઈ હાડ ગાળું તે સિવાય બીજો ઉપાય નથી.

પ્રવેસ ૫ મો.

સ્થળ—દેવ કચેરી.

પાત્રો—ઇંદ્રદેવ, ધર્મદેવ, અગ્નિદેવ, યમદેવ, વરૂણ દેવ આદિ દેવો, નારદમુની કષ્ણજી, છડીદાર વગેરે.

ગાયન ૧૦ મું.

વારાંગનાઓ— નાચ

જય શ્રી કૃષ્ણ પ્રભુ—પ્રભુઉઉ—
જયકર, સુખકર અભન્યિન દુઃખહર.
નરભવ ભયહર મુરલીધર પ્રભુ—જય.
જગદાનંદન ભવ ભય ભંજન.
પરમ ઉદાર, ત્રિભુવનાધાર—નિરગુણ નિરાકાર,
પ્રભુ તુમ દર્શન તલસે તનમન
ત્રિગુણ વિરામ જગ વિશ્રામ
રાધેપતિ શ્યામ—પ્રભુ—

ઇંદ્રદેવ—ધર્મરાય ! આજ કાલ મૃત્યુ લોકના શું અહો ભાગ્ય !

ધર્મરાય—કેમ ?

ઇંદ્રદેવ—જ્યાં સાક્ષાત વિષ્ણુ કૃષ્ણ અવતાર ધારણ કરી સાક્ષાત દર્શન આપેછે.

ધર્મરાય—સત્ય છે દેવેંદ્રનાથ ! જે દર્શન આપણ દેવલોકને દુર્લભ તે દર્શન તેમને અહોનિશ મળે તે અહોભાગ્ય નહિતર બીજું શું !

ઇંદ્રદેવ– આપણાં એવા ભાગ્ય કયથી કે વિષ્ણુના દર્શન મળે ! (છડીદાર આવે છે)

છડીદાર—દેવેંદ્રનાથ કૃષ્ણ પ્રભુ પધારે છે !

ઇંદ્રદેવ—આજ આપણાં પણ અહોભાગ્ય કે વિષ્ણુ ભગવાન દર્શન દેવા પોતે પધાર્યા !

ધર્મરાય—ચાલો દેવેંદ્રનાથ આપણું વિષ્ણુ ભગવાનને અત્રે બીરાજીત કરી તેમની શેવા કરી આરતી કરીએ.

ઇંદ્રરાય—ચાલો. આવો અવસર ફરી ફરી ક્યાં મળવાનોછે.

(સર્વ દેવ કૃષ્ણજી સામે જઇ તેમને તેડી લાવી આસન ઉપર બીરાજીત કરી શેવા કરી આરતી કરે છે)

આરતી.

સર્વેદેવો— ગાયન ૧૧ મું.

(પ્રભુ જય જય સુમતી) એ રાહ

પ્રભુ જય જય જય જુગ દેવા
શુદ્ધ મને સૌ રાગ તજી પ્રભુ,
કરીએ નિરંતર શેવા—પ્રભુ
દિન દાસને દિલમાં ધારી,
પાર કરો પરમેશા:
અંતર યામી ! તવ પદ પામી,
જન્મ સફળ કરી સેવા—પ્રભુ
ઉતારવા ભુમી ભાર,
લીધો કૃષ્ણ અવતાર;
તેવી રીતે કરો ઉધાર,
અર્જદિનની સ્વીકાર—જય

(નેપથ્યમાં)

નારદમુની— ગાયન ૧૨ મું.

(જશ જુગ દીશના ગાજે) એ રાહ

સજ સમર જગ રાયા, સમજ મન સત્ય સમર જગ રાયા
શુદ્ધ મનેથી સમરણ કરતાં. મોહ, મદ, ન ફસાયા—સમજ
સત્ય શરણ એક ચિત્ત મહી ધારી, શીવ પદ રહેજે પાયા—સમજ

(નારદ મુની આવે છે)

ઇંદ્રદેવ—પધારો નારદમુની !

નારદમુનિ—(કૃષ્ણ ભગવાનને જોઇ તેમને વંદન કરે છે)—ઇંદ્રદેવ આજ તમારાં દેવોના અહોભાગ્ય કે સાક્ષાત વૈકુંઠ પતિએ પધારી ઇંદ્રપુરી પાવન કરી.

દેવેંદ્રનાથ—સત્ય છે મુનિશ્વર ! આજ અમારા દેવલોકનાં ભાગ્યની સીમા રહી નથી.

નારદમુનિ—પણ પધરામણીનું કારણ જાણ્યું ! ખાસ કામ સિવાય પ્રભુની પધરામણી હોયજ નહી.

કૃષ્ણજી—સત્ય છે નારદમુનિ ! તમો મારૂં મન છો, તમથી શું અજાણ્યું છે.

દેવેંદ્રનાથ—કહો કહો કૃપાનાથ ! કાંઇ શેવા ફરમાવી દાસને કૃતાર્થ કરો !

નારદમુનિ—દેવેંદ્રનાથ ! કૃષ્ણજી ગુરૂ પુત્ર લેવા પધાર્યા છે.

દેવેંદ્રનાથ—ધર્મરાય ! સદિપન રૂષિના પુત્રને અત્રે હાજર કરો.

ધર્મરાય—જેવો દેવેંદ્રનાથનો હુકમ !

કૃષ્ણજી—અત્રે હાજર કરવાની કાંઇ જરૂર નથી, હું બોલાવું ત્યાં હાજર કરજો.

ધર્મરાય—જેવો પ્રભુનો હુકમ.

કૃષ્ણજી—ઇંદ્રદેવ હું જાઉં છું.

દેવેંદ્રનાથ—કૃપાનાથ ! આ પ્રમાણે દર્શનનો લાભ આપી દાસને કૃતાર્થ કરશો એવિ પ્રાર્થના છે, વિનંતી છે.

કૃષ્ણજી—તમથી હું ક્યાં જુદો છું. (કૃષ્ણજી જાયછે)

દેવેંદ્રનાથ—(પરીયોને) મેનકા ! આજના આનંદો

ત્સવમાં ઉમદામાં ઉમદો નાચ કરી નારદમુનીને આનંદ પમાડો.

નારદમુનિ—દેવેંદ્રનાથ ! પરિયોના નાચ જોઇ મન ભ-રાઈ ગયું છે, પણ આજના આનંદોત્સવમાં કૃષ્ણ-લીલા જે હાલ વ્રજ અને ગોકુળમાં ગોપીઓ સાથે કરે છે તે લીલા રાસ રૂપે ગવરાવો જે સાંભળી આ કર્ણ પવિત્ર થાય.

ઇંદ્રદેવ—જેવી તમારી ઇચ્છા (મેનકાને) મેનકા કૃષ્ણલી-લા સાંભળવા નારદ મુનીની ઇચ્છા છે તો તે લીલા રાસમાં ગાઇ નારદ મુનીને સુપ્રસન્ન કરો.

મેનકા—જેવો દેવેંદ્રનાથનો હુકમ.

કૃષ્ણલીલા— ગાયન ૧૩ મું
પરીઓ— ગરબો

(ચોકને આંગણે ચાંદનીરે) એ રાહ.

ગોકુળ નિવાશી કૃષ્ણ શામળોરે,
ઓલ્યો ગોપીઓનો કાન્હ;
કાન્હરે, મોરલી વગાડી નેહ લગાડીઓ.
મીઠી મોરલીને નાદ, નાદરે સુતો તે
પ્રેમ જગાડીઓ—

સાખી.

ગોપીઆ સૌ ઘેલી કરી, બેઠો જઇ ઘર મહી,
અંતર સૌનાં તલસતાં તેને મન નહી કંઇ;
કાન્હાજી વ્હેલા પધારોને વ્હાલા,
અરજી આ ઉર લેજોજીરે—કાન્હા.
મોરલી વગાડોછો શાને ઓ મોહન
અમને અકળાવો તમે ખુશ થાઓ—કાન્હા.

સાખી.

અણચિંત્યો આવી મળે, ગોરસ લુંટી ખાય,
બંઝાડે અમ ભુવનમાં, માંકડાને પાય;
નવા નવા ખેલો નિત્યે બનાવે,
પળમાં જાદુ કરી જાય છે જીરે:
ઘેલી કરી ગોપી મન મલકાય છે—
દાણી બની દાણ માગવા આવે,
અણચિંત્યો સામો અથડાય છે જીરે—
નવા નવા.

સાખી.

અરજી ઉર ધરતા નથી, તો રીસાણી નાથ,
હવે કદી નહી બોલશું સૌ ગોપીનો સાથ;
તમારી સાથે ઓ મોહન—
નહીરે મનાઉ હું તો નહીરે મનાઉ.
માજી જશોદાના જીગજીવનરે—તમારી.
મનાવા આવો તમે ભલે પણ,
રીસ કદી ન પરહરીએજીરે—નહીરે.

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ—સદિપન રૂષિનો મઠ.

પાત્ર—સદિપન રૂષિ, ગંગાબાઈ, બળરામ, સુદામા, કૃષ્ણજી વિગેરે.

સદિપનરૂષિ—વાહરે કૃષ્ણજી તમારી લીલા! પુત્ર લેવા પધારી ઓની અજ્ઞાન ચક્ષુ ખોલી અમોને પાવન કર્યા! (ગંગાબાઈ આવે છે)

ગંગાબાઈ—પ્રાણ પ્રભુ આ હત ભાગ્યણીએ કરેલ પ્રાચિત ટળે એવો ઉપાય બતાવી આ પાપિણી કાયા

નો ઉદ્ધાર થાય તેવો રસ્તો બતાવો. મારા જેવી દુર્ભાગિણી કોણ હશે ? સાક્ષાત દિનબેલી પાસે ગૃહસેવા ઉઠાવરાવી પાપનો પોટલો બાંધ્યો, ને તમારા પવિત્ર સાચા મનને મેં જૂઠું જાણ્યું; હવે મારૂં શું થશે ?

સુદિપનરૂષિ—પ્રિયા ધીરજ ધરો, તે પાપ સર્વે દુર થશે; તમોએ દામોદર પાસે દાસત્વ કરાવ્યું, તે અજ્ઞાનવામાં, જ્ઞાનની નજરથી ઓળખીને દાસત્વ કરાવ્યું નથી. અંજાણપણાનો દોષ બહુ નથી, જો કે છે, પણ તે થોડોજ. તેનો તમોને પુરૂં પસ્તાવો થયો છે, તો તે દિનબેલો સઘળાં પાપ માફ કરશે.

ગંગાબાઈ—પ્રાણનાથ ખોટું શા માટે સમજાવો છો ! આવા ઘોર પાપની માફી ક્યાંથી મળે ?

ગાયન ૬૪ મું.

(શીવ શીવ કરી હું પાપનું) એ રાહ.

નથી નથી માફી પાપની—સ્વામી—નામી—નથી.
પ્રભુ સેવા લીધી અરે, દીધા પોતે નાથ;
હીણુભાગી હું આંધળી, જાણ્યા નહી જગતાત—નથી.
હીમાળે જઇને ગળું, કે જાઉં કાશી સાર;
કરવત લઉં શીર ઉપરે, તોપણ નહિ નિસ્તાર—
સુઝે ન કાંઇ ઉપાય, પાપ સર્વે દુર થાય—નથી.

સુદિપનરૂષિ—પ્રિયા ખાલી કલ્પાંત ન કરો, ને નોધારાનો આધાર, પરમ શ્રીભાગવત દામોદર શ્રીકૃષ્ણ, તે સઘળાં પાપ માફ કરશે.

ગંગાબાઇ—પ્રાણનાથ ખાલી દીલાસો શા માટે આપો

છો તે દીલાસો આ મન કેમ કબુલ કરે ને
આ પાપી મોંહોડુ દીન બેલીને શી રીતે બતાવું

ગાયન. ૧૪

(હું આંધળી માનમાં ગઇ મરીરે) એ રાહ

હું બામની ભુલભારી મેં કરીરે
હાય ઓળખ્યા નહી હરીને મેં જરીરે—
સુ સ્વામીની વાત નહી ઉરધરીરે
સત્ય સુંદીર શામ એજ હું ખોટી ઠરીરે—
હાય મુખ પાપી આ બતાવું શું ફરીરે
આ કટારે કહાડુ પાપી પ્રાણ આ ઘડીરે—

(કટાર ખાવા જાય છે કૃષ્ણ આવી હાથ પકડે છે)

કૃષ્ણજી—માતાજી માતાજી આ શું કરો છો ?

ગંગાબાઇ—હે પરમ કૃપાળુ મને રોકો નહી આ પાપી કાયાનો અંત આણવા ધો.

કૃષ્ણજી—ગંગાબાઇ— ગાયન ૧૫ સું

(તાત શાને કરો છો આવું કુડુ કામ) એ રાહ

કૃષ્ણ—માત આ શું કરો છો ઘટે ના લગાર
કાંઇ કરો વિચાર ભજો શ્રી કીરતાર
તે કરશે તમારો ઉદ્ધાર—માત

ગંગાબાઇ—સેવા કરાવી શામળીઆજી પાસે
ભર્યો શીરે પાપભાર
પાપી કાયા પાડવાધો તે વિણ નહી નીસ્તાર—માત

કૃષ્ણ—આત્મ હત્યા પાપ મોહોડુ દીસે કરોને વિચાર
શ્રી હરીને સમરતાં સ્હેજે થશો ભવપાર—માત

કૃષ્ણ—માતાજી ખાલી શોચ સા માટે કરો છો તમારા જેવું ભાગ્યશાળી આ દુનિયામાં કોઇજ નથી.

ગંગાબાઇ—હે પરમ કૃપાળું તે ખરૂં પણ મેં પાપણી-

એ ના પીછાણ્યા ને શેવા કરાવી તે પાપ હું
કોયે જનમે છુટીશ. ધન્ય છે નાથને કે જેમણે
પ્રથમથીજ જ્ઞાન ચક્ષુથી ઓળખી પ્રભુ ભાવ
રાખ્યો. હવે તે પાપની માફી આપી આ પતીત
દેહને પાવન કરો એટલી વિનંતી છે.

કૃષ્ણ—આ દેહ પતીત નથી પણ પાવનજ છે તેની ખા-
ત્રી કેવી રીતે માનશો ?

ગંગાબાઈ—ક્ષીર સાગરમાં વિષ્ણુ લક્ષ્મીજી સાથે બીરા-
જેલા છે તે દર્શન પાવન પુરૂષોને નથી તો પ-
તીતને ક્યાંથી મળે. તે દર્શન આપો તો ખાત્રી
થાય.

કૃષ્ણ—તેવી ઇચ્છા છે તો તે દર્શન આપીશ પણ પ્રથમ
તમો પુત્રને ભેટો. બાદ તે દર્શન હાલને હાલ
અત્રેજ આપીશ. બંધુ સંતુ

સંતુ—(અંત્રીક્ષથી) હાજર માહારાજ (આવેછે) અને
ગંગાબાઈ તથા સાદીપન રૂષીને પગે પડે છે)

ગંગાબાઇ—મહારા વ્હાલા આ પરમ કૃપાળુ જગત પ-
તીને પાએ પડી ચરણ કમળની માગણી કર

સંતુ—હે જગદાધાર મને જન્મો જન્મ તમારી ભક્તિ
આપી છેવટમાં ચરણપદ આપશો એવી માગણી
છે માહારાજ

કૃષ્ણ—તને ઇચ્છીત વર પ્રાપ્ત થશે. લ્યો કરો સાક્ષાત દર્શ-
ન (પડદો ફાટી ક્ષીર સાગરનો દેખાવ)

સર્વે— ગાયન ૧૬ મું.

પ્રભુ જય જય જય લક્ષ્મીપતી
નમન કરીએ સૌ ચિત ધરીને
કાપો કુમતી આપો સુમતી—પ્રભુ

સત્ય નીરંજન ભવ ભય ભંજન
દર્શન આપ્યાં કરી મયા
પતીત પાવન કીધા હમને
હેતે-પ્રિતે-ચીતે-કીધી મુગતી-પ્રભુ

પ્રવેશ ૭ મો.

સ્થળ—જંગલ

પાત્ર—સુદામો-કૃષ્ણજી-બળગામ

કૃષ્ણજી—સુદામાજી આ તમારો સુદામાપુરીનો રસ્તો આવ્યો હવે હમોને રજા આપો

સુદામાજી—મહારાજ મહારે સુદામાપુરીથી શું કામ છે જ્યાં તમો ત્યાં હું.

કૃષ્ણ—સુદામાજી તમો પરમ વૈષ્ણવ છો. હું ઘટ ઘટ વ્યાપક છું તે તમથી ક્યાં અજાણ્યું છે પરંતુ દુનિયાદારી જીતવી ઘણીજ કઠણ છે જે પુરૂષે દુનીયાદારી જીતી તે પુરૂષને મને જીતતાં વાર નથી સંસાર એટલી ઘણી કઠણ છે માયાનું પ્રબળ ઘણુંજ છે પણ તે માયા જીત્યા શીવાય હું જીતાતોજ નથી કારણ રત્નની પરીક્ષા એરણ ઉપર ઘણના ઘાથીજ થાય છે તેવી રીતે રત્નરૂપી માનવ ભવ સંસાર રૂપી એરણ ઉપર માયારૂપી ઘણના ઘામાં આવ્યા શીવાય આ જવેરી પારખનોજ નથી માટે જાઓ ઘેર જઈ સંસાર સુખ અનુભવો તમથી હું જુદો નથી.

સુદામો—મહારાજ ખાલી બ્હાનાં શા માટે બતાવોછો? હું તો કદી છોડનાર નથી તે નથીજ.

કૃષ્ણ-સુદામો— ગાયન ૧૭ મું.

સુદામો—ના છોડું પ્રભુ પ્યારા (૨)

નોધારાના ધારા ન બોલો બોલ ખારા—ના છોડુ

કૃષ્ણ— ભક્તજી પ્યારા, નથી હું થી ન્યારા, સત્ય બોલ મ્હારા.

સુદામો—ના છોડું પ્રભુ પ્યારા

વાહાલા ના કાહાડો દુરે રેહેમ લાવીને ઉરે

કૃષ્ણ—નથી દુર પ્યારા, હૃદય જડેલ માહારા, કરૂ ન કદી ન્યારા,

સુદામો—ના છોડુ

વિકટ વાટ સંસારની અજ્ઞાની કુટાય
માયામાં લપટાઇને ગમાર ગોથાં ખાય
પ્રિતી બતાવો શું ખોટી ઉપરથી
જાણ્યું મેં પ્રિતી ઉતારી હું પરથી—ના છોડુ

સુદામો—માહારાજ ક્ષમા કરો તે જાળમાં ગુંથાનાર નથી તે નથીજ.

કૃષ્ણ—પણ દુનીયાદારીનો વિચાર કર્યો. દુનિયા કહેશે કે બાળપણમાં ગૃહ તજી દ્વારકાં જઇ રહયો ને મને પણ ખોટું કહે.

સુદામો—ઘર કેવું. તે સઘ માયાની જાળ માટે માફ કરો ને દાસને સાથેજ રાખો.

કૃષ્ણ—સુદામાજી જાઓ તે માયાની જાળ તમને અસર નહી કરે ને છેવટ માહારા પદને પામશો.

સુદામો—જ્યાં તમારીજ મરજી નથી ત્યાં માહારી હા શું કામની છે.

કૃષ્ણ—મરજી નથી એમ ના કહો ને જ્ઞાન ચક્ષુથી જુઓ હું ક્યાં તમથી છેટો છું. એક પળ પણ તમારાથી દુર નથી જો કે દુનિયાની નજરમાં દુર છું પણ જ્ઞાનની નજરે જુવો માટે જાઓ સુખેથી ઘેર જઇ સંસાર સુખ અનુભવો.

કૃષ્ણ—સુદામો ગાયન. ૧૮ મું

(વ્હાલી વાતો મધુરી કરો વ્હાલની) એ રાહ

કૃષ્ણ— વ્હાલા પ્રિતે પધારો આવાસમાં
નહી ફસાઓ માયાના પાસમાં
નથી જુદા રહો સત્ય વિશ્વાસમાં
જાગો શેવો સંસાર ઉલ્હાસમાં
જાવા રજા ધો શોક તજી ધો
ખુલે સંદેહ જોઇ જ્ઞાન ભાસમાં—નહી

સુદામો—કરી વીયોગ નાંખો ઉદાસમાં
હતો સંગે રેહેવાની આશમાં
શું જોઉ જ્ઞાનના ઉજાસમાં
પ્રિતે નાંખ્યો માયાના પાસમાં
માયા ત્રાસે, ભક્તિ નાસે,
ક્યાંથી મીઠાશ આંબલી ખટાશમાં—હતો

કૃષ્ણ—સુદામા જ્ઞાન દ્રષ્ટિથી વિચાર કરો ને હમને રજા આપો.

સુદામો—જેવી આપની ઇચ્છા

કૃષ્ણ-સુદામો-બળરામ ગાયન ૧૯ મું

(પધારો સુભાગી નાર)

સુદામો—પધારો. જુગદાધાર (૨) દાસ કદી નવ મુકશો
કૃષ્ણ— ભક્તજી છો હૈયા હાર (૨)
સુદામો—વ્હાલા વીસારી ના મુકશો
કૃષ્ણ— છો સત્ય ભક્ત મુજ પ્યારા
કેમ વિસરૂ કે કરૂ ન્યારા
સુદામો—કૃષ્ણજી કરૂ પ્રણામ (૨) બળીભદ્ર રામ રામ-દાસ

પ્રથમ અંક સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—સુદામાની ઝુંપડી.

પાત્ર—સુદામો, જમનાબાઇ, છોકરાં.

છોકરાં—મા, અમારાથી ભુખે રેહેવાતુ નથી માટે કાંઈ ખાવાનું આપો.

જમનાબાઈ—માહારાં વાહાલાં બાળકો ઘરમાં કાંઈજ નથી. હમણાં હું ભીક્ષા માગીને આવીશ ત્યારે તમને ખાવા કરી દઇશ.

છોકરાં—મા, તમો ભીક્ષા માગી લાવો ત્યાં સુધી અમારાથી ભુખે રહેવાવાનું નથી ભુખે જીવ જાયછે.

ગાયન ૨૦ મું.

છોકરાં—(મા ભુખ થકી હાહાય નથી રેહેવાતુ)એ રાહ.

મા દુઃખ ભુખનું કેમ સહન કહે થાએ,
ખાવા આપો કાંઇ માત હવે ન રેહેવાએ;
કેમ શોક કરોછો માત દયા કાંઇ લાવો,
મા ચક્કર આવે લાવો ઝટ કયાંઇ જાઓ;
ભીક્ષા લાવો ત્યાં લગી નહી રેહેવાએ,
આ પેટ મહી કાંઇ થાય જીવ અમ જાયે.

જમનાંબાઇ—વાહાલાં બાળકો ધીરજ ધરો જુઓ પેલા તમારા બાપુ આવે છે.

સુદામો—વ્હાલી. છોકરાં કલ્પાંત શા માટે કરે છે ?

જમનાંબાઈ—પ્રાણનાથ આ ભુખનું દુઃખ શી રીતે સહન થાય

સુદામો—પ્રિયા ધીરજ ધરો ને તે દીન બેલીનું રટણ કરો તે નોધારાનો આધાર ભુખ્યાં નહી રાખે

જમનાંબાઇ—પ્રાણનાથ તે કહેવું સત્ય છે પણ આજ બે દીવસથી તમોએ બીલકુલ અન્નનો દાણો સ-રખોએ લીધો નથી તો ક્યાં સુધી નભશે

સુદામો—મારો કૃષ્ણ ભુખ્યાં નહી રાખે તેનુ ભજન કરો.

જમનાંબાઇ—પણ પ્રાણનાથ કૃષ્ણજી સાથે તમારે મૈ-ત્રી છે ને !

સુદામો—હા પ્રિયા અમો એકજ ગુરૂ પાસે વિદ્યા ભણેલા.

જમનાંબાઇ—તો જાઓ તે કૃષ્ણજી પાસે જઇ કાંઇ યાચના કરો તે દીન બેલી તમારૂ દાળીદ્ર દુર કરશે.

સુદામો—પ્રિયા તે ઘટ ઘટ વ્યાપક છે આપણું દાળીદ્ર તેનાથી અજાણ્યું નથી તેને આપવું હશે તો ઘેર બેઠાં આપશે યાચનાની કાંઇજ જરૂર નથી. મીત્ર પાસે જઇને માગતાં શરમ ના આવે.

જમનાંબાઇ—પણ પ્રાણનાથ આ છોકરાંની ભુખની કી-કીઆરી સાંભળી તમારા મનને કાંઇ અસર થ-તી નથી ?

સુદામો—થાય પણ કેમ કરવું ?

જમનાંબાઇ—કેમ કરવું શું તે દીન બેલી પાસે જઈ યાચના કરવી.

સુદામો—તે મહારાથી નહી બને. ખાલી માન ખોવું શા કામનું. પુર્વનું સંચીત હોત તો વગર માગ્યે આવ્યું હોત પણ જ્યાં સંચીત નથી તો કેવી રીતે આપશે. માટે યાચના કરવા જનાર નથી.

જમનાંબાઇ—પ્રાણનાથ પુર્વનું સંચીત નથી તે તમારૂં કહેવું સત્ય છે પણ પુરૂષ યત્ન ને ઇશ્વર કૃપા એ કેહેવત તમથી ક્યાં અજાણી છે ને જશોતો તે લક્ષ્મીપતીને ત્યાં ટોટા નથી જેને ત્યાં સાવ

સુવર્ણની દ્વારકાં છે ને થોડું ઘણું પણ આપશે. ઘેર બેઠાં કોઇ આપવા નહી આવે માટે પ્રાણનાથ એકવાર જાઓ આ છોકરાં ઉપર દયા કરી એકવાર જાઓ બીજીવાર નહી કહુ છોકરાંનું ભુખનું દુઃખ જોઈ શકાતું નથી માટે કૃપા કરી જવાની હા કહો.

સુદામો—ગાંડી હરી હરી કર, તને તારાં બાળકોની ચીંતા છે ને તેને તો આખા ગામની ચીંતા છે, અને હું શું તેની પાસે જઇ હાથ ધરૂ.

જમનાબાઇ—તેતો આપણો બ્રાહ્મણનો ધર્મ છે.

સુદામો—તે ખરૂ પણ આવે વેશે તેમની પાસે જવાય જ કેમ. ને કદાપી જાઉ તો તેનાં છોકરાં કાકા કાકા કહી પાસે આવે તેમના હાથમાં પણ શું આપુ ? માટે હું તો કદાપી જનાર નથી તે નથીજ.

જમનાબાઈ—પ્રાણનાથ આપણું દાળીદ્ર તે દીનાનાથથી અજાણ્યું નથી માટે એકવાર જોવા ના નહી કહો.

ગાયન ૨૨ મું.

(મમ વલ્લભ આ વર્ષા આવી)

મમ પ્રાણ પ્રભુ પ્રિતે વિચરો,
ભુખે દુખે બાળક ટવળે. બાળક ઉપર રેહેમ કરો—મમ.
જગત સકળનું પાલન કરતા છે એ ભક્ત વત્સલ ભુદરો—મમ
પાલક પાસે માગવું તેમાં શાને માટે શરમ ધરો—મમ
વળી લાભ પ્રભુ દર્શન કેરો, દર્શ ફળે સુખ શાંન્તિ વરો—મમ

ભલા તે બાહાને દર્શનનો લાભ પણ થશે તે તેથી સુખ શાંન્તિ મળશે માટે લ્યો હું છોકરાં માટે કાંઇ લાવી આપુ તે લઈ સીધાવો ને જવાની હા કહો.

સુદામો—હા તે બરાબર છે જા કાંઈ છોકરાંને આપવા

સરખી ચીજ લાવી આપ.

જમનાબાઇ—હાલ લાવુંછું. (જમનાબાઇ જાયછે)

સુદામો—આજ માહારે બાળ મીત્ર પાસે જઇ યાચના કરવી પડશે. શું તેમનાથી મારી દશા અજાણી છે ના ના તેતો હોયજ કેમ. પણ પુર્વના સંચીત નહી તો તે ક્યાંથી આપે. જો જાઉંછું તો માન ખોવા જેવું થાય છે. ને નથી જતો તો સ્ત્રીનો હ્રદય ભેદક કકળાટ. પણ તે બીચારીનો શું દોશ. છોકરાંની ભુખની કીકીયારી જોઇ કીયા કઠોર હ્રદયના માબાપ હોય કે તેમનું અંતઃકરણ ના દુઃખાય. ખેર જવું તો ખરૂજ ને મોહોટો લાભતો એકે તે બહાને દર્શન થશે માટે જવુંજ. (જમનાબાઇ આવેછે)

જમનાબાઇ—લ્યો પ્રાણુનાથ આ શેર તાંદુલ લાવીછું તે લઈ સુખેથી સીધાવો.

સુદામો—ભલે જાઉંછું છોકરાંને સાચવજોને તેમનું બનતી મહેનતે પોશણ કરજો (જાયછે)

જમનાબાઇ—પ્રાણુનાથ તો ગયા ત્યાંથી તે મને દર્શન લાભ મળશે તેથીજ દાળીદ્ર જશે. હવે આ છોકરાંને રોટલા કરી વેહેંચી આપું. (જાયછે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—દ્વારીકાંની ભાગોળ.

પાત્ર—સુદામો.

સુદામો—હવે તો ચાલી ચાલીને થાકી ગયો. પેલી નગ્રી દેખાયછે તેજ દ્વારીકા હશે! શું તેનો સુશોભીત દેખાવ મણી માણેક જડીત સુવર્ણનુંજ કામ

કનક શીવાય બીજું કાંઇ દેખાતું જ નથી. વૈકુંઠ પતીનો વૈભવ પછી બાકીશું. સાક્ષાત વૈકુંઠપુરી જ અત્રે વસાવી છે ને તેની લીલાની પણ શી વાત

ગાયન ૨૨ સું.

(છે ગહન ગતી તુજ અતીરે) એ રાહ.

છે અકળીત લીલા તુજ અતીરે વાહ વાહ જગતપતી
પાર ન પામ્યા કોઇ સુરા મથી.
રતી પણ જાણી શકયા નહી તુજ ગતીરે—વાહ

સાખી

શું શોભે નગ્રી અતી બીજુ વૈકુંઠ ધામ
મણી માણેકને કનકથી કીધુ ઉત્તમ કામ.
પાર ન પામ્યા કોઇ સુરા મથી, રતી પણ જાણી
શકયા નહી તુજ ગતીરે—વાહ

સોળ સહસ્ત્ર સત અષ્ટ રાણીઓ વળી વૈભવ અપાર
છતાં ગણાઓ જગતમાં નીરંજન નીકાર—પાર
ચાસ્લ નગ્રીમાં જઇ દર્શનનો લાભ તો લઉં.

(જાય છે)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—દ્વારકાંમાં રસ્તો.

પાત્ર—સુદામા—છોકરા—યાદવ—ચોબદાર.

છોકરાં— ગાયન ૨૩

સૌ મીત્ર મળી ખેલવાને જઇએ જઇએ
બાંધી મીર દડો ફેંકી દાવ લઇએ દઇએ—સૌ.

પહેલી મીરવાળા—ચાલો આમ-નાગો આમ-નાસે.

આમ-ઠામ ઠામ

નહીતો દડાનો માર ખાઇએ ખાઇએ—સૌ.

બીજી મીરવાળા—આવો આમ. રાખી ભામ–દાવ માથે છે તમામ
વાત સાચી છે જુઠું કેમ કહીએ કહીએ—સૌ.

(સૌ દડા પાછળ દોડી જાય છે)

સુદામો—હવે આ દ્વારકામાં તો આવ્યો પણ કૃષ્ણજીનાં મંદીર ક્યાં હશે. ચાલ્ય પેલા છોકરાંને પુછી પવિત્ર થાઉ. (છોકરાં આવે છે)

ભાઇઓ અહીંઆં કૃષ્ણજીનાં મંદીર કીયાં ?

છોકરાં—કેમ ભાઇ તમારે તેનું શું કામ છે ?

સુદામો—હું તેમનો બાળ સ્નેહી છું તેથી તેમને મળવા આવ્યો છું.

છોકરાં—વાહરે કૃષ્ણ મહારાજના મીત્ર વાહ ! શરીર ઉપર રાખ ચોળી છે, વસ્ત્રનું પણ ઠેકાણું નથી. નકી કોક ગાંડા જેવો છે.

એક છોકરો—હા ભાઇ તેમજ છે કોક ભુતના ભાઇ જેવો છે.

બીજો છોકરો—જે એની હે ના બોલે તેના બાપન સમ. ગાંડાની હે.

સર્વે છોકરા—ગાંડાની હે (કાંકરા મારે છે)

સુદામો—બાપુ મને મરેલાને શું કરવા મારો છો મેં તમારૂ શું બગાડયું છે.

છોકરાં—ગાંડાની હે, ગાંડાની હે.

(સુદામો બેશી જાય છે ત્યાં એક યાદવ આવે છે)

યાદવ—(છોકરાંને) ખબરદાર, આ તપસ્વીને હેરાન કરતા નહી (છોકરાં નાશી જાય છે)

સુદામો—ભાઈ તમારૂ સારૂ થજો કે તમોએ મને બચાવ્યો નહીતર છોકરાંઓ મારી પુરી વલે કરત.

યાદવ—મહા ભાગ્ય આપ મહાન તપસ્વી જેવા લાગો છો કારણ.

યાદવ— ગાયન. ૨૪

મુની તપસ્વી દેખુ તપથી દુર્બળ દેહી દીસે
વળી ભક્ત પ્રભુ પ્યારા નામ હરીનું મુખ વિશે
સત્ય સ્વાંગ સાધુનો પ્રિતેથી અંગે ધર્યો
પવિત્ર દર્શન આપી પતીત દેહ પાવન કર્યો.

સુદામો—ભાઈ હું તેવો નથી પણ એક ગરીબ બ્રાહ્મણ છું ને કૃષ્ણજી સાથે મીત્રતાનો સંબંધ હોવાથી તેમને મળવા સારૂ અત્રે આવ્યો છું.

યાદવ—કોણ કૃષ્ણજીના મીત્ર ! ત્યારે તો પરમ ભક્તરાજ (ચોબદાર આવે છે તેને) ચોબદાર આ માહા ભાગ્યને કૃષ્ણજી પાસે લઇજા.

ચોબદાર—બહુ સારૂ

યાદવ—માહા ભાગ્ય હું રજા લઇશ તમો આની સાથે પધારો કારણ કૃષ્ણ મંદીરનો ચોબદાર છે તે તમોને માહારાજા પાસે લઈ જશે.

સુદામો—આપનો મોટો ઉપકાર થયો (યાદવ જાય છે)

ચોબદાર—માહા ભાગ્ય પધારો.

સુદામો—ભલે ચાલો. પણ કૃષ્ણજીનાં મંદીર કીયાં

ચોબદાર—પેલાં સામે દેખાય છે તેજ કૃષ્ણ માહારાજ નાં મંદીર. તમો પેલી પાટ ઉપર બીરાજો હુ કૃષ્ણ માહારાજને ખબર કરૂ કારણ તેઓ હાલ અંતઃપુરમાં હશે.

સુદામો—બહુ સારૂ (ચોબદાર જાય છે)

સુદામો— ગાયન. ૨૫.

(વાહ વાહ કેવો થયો છે વાહ તાલ એ રાહ.
હરી હરી આજે કર્યો તેં તો ન્યાહાલ

મળી જશે દર્શન મને તો હાલ
દર્શ દેદાર થશે દુઃખ સર્વે દુર થશે
બેટુ પ્રભુ લાવી અતીશે વ્હાલ—હરી
માયા તજીશુ, સુખે ભજીશુ
સાચો છે બેલી એ નટવરલાલ—હરી

પ્રવેશ ૪ થો.

સ્થળ—કૃષ્ણજીનું વિલાસ ભુવન.

પાત્ર—કૃષ્ણ—લક્ષમીજી—રધીકાજી—સત્યભામા—જાંબુવંતી—સુદામો—અનુચર—ચોબદાર. કૃષ્ણજી પોઢેલા છે ચારે રાણીઓ ચંપી કરે છે.

લક્ષમીજી—સખી સત્યભામા, આજ મારૂ વામ નેત્ર ફરકે છે.

સત્યભામા—સખી એતો લાભ મળવાની નીશાની.

રાધીકાજી—આવી પતી શેવા કરતાં બીજો લાભ કીયો હશે.

જાંબુવંતી—તેથી પણ વિશેશ લાભ મળવાનો

લક્ષમીજી—આવી પતી શેવા કરતાં બીજો વિશેશ લાભ સમજતીજ નથી.

જાંબુવંતી—તે સૌ જણાશે કે વિશેશ લાભ છે કે નહી.

દાશી—માહાદેવી સુદામાપુરીથી સુદામા નામનો વિપ્ર આવ્યો છે તે માહારાજાને મળવા માગે છે.

લક્ષમીજી—જા તેમને ખબર આપ્ય કે હાલ માહારાજા પોઢેલા છે તેથી મળી શકશે નહી.

કૃષ્ણજી—(બે બાકળા ઉઠી) સખુર કોણ મારો બાળ મીત્ર પરમ વૈષ્ણવ સુદામો આવ્યો છે.

દાશી—હા કૃપાનાથ.

કૃષ્ણજી—તે ક્યાં છે.

દાશી—બાહાર બીરાજ્યા છે.

કૃષ્ણજી—ચાલ્ય હું મારા મીત્રને લેવા આવું છું. (તૈયા-
ર થઇ જાયછે ત્યાં લક્ષ્મીજી)

લક્ષ્મીજી—પ્રાણનાથ પાવડીઓ તો પેહેરો !

કૃષ્ણજી—પાવડીઓ પેહેરવા જેટલો વખત મારાથી થો-
ભાય તેમ નથી તમો સર્વે મારા મીત્રની શેવા
કરવા પુજાના થાળ તૈયાર કરો હું તેને લઇ
હાલ આવું છું. જે એની શેવામાં મશગુલ રેહેશે
તે મને વધારે પ્રિય થશે.

રાધીકાજી—માહારાજ પીતાંબર તો ઉચું લ્યો અડફેટ
આવશે તો પડી જશો.

કૃષ્ણજી—તેની કાંઇ ચીંતા નહી દાસી ચાલ્ય મારા મી-
ત્રને બતાવ્ય. મારૂ મન તેને ભેટવા અધીરૂ થ-
યું છે. તમો સર્વે પુજાના થાળ તૈયાર કરો.

દાશી—ચાલો કૃપાનાથ (બંને જાયછે)

લક્ષ્મીજી—સખીઓ આજ આપણાં અહો ભાગ્ય કે પ્રા-
ણ પ્રભુના મીત્રનાં દર્શનનો લાભ મળશે.

જાંબુવંતી—પ્રાણપ્રભુના મીત્ર કેવાએ હશે.

લક્ષ્મીજી—કેવા એ હશે તે જોવાનું નથી. ઇંદ્રિવયણાં
ઘણાં દેદીપ્યમાન હોયછે પણ તે જોવાનાં, ખા-
વાનાં નહી પરંતુ આજ સુધી કોઇપણ મીત્ર કે
ભક્તને માટે પ્રાણ પ્રભુનો આટલો ભાવ જોયો
નથી માટે જરૂર પરમભક્તરાજ હશે તે શીવાય
આટલો ભાવ પ્રાણપ્રભુનો હોયજ નહી માટે
ચાલો આપણે પુજનની તૈયારી કરી લઇએ.

ત્રણે—ભલે ચાલો (જાય છે કૃષ્ણ સુદામો આવે છે)

કૃષ્ણજી—આવો સુદામાજી પધારો-તમોએ આજ દ્વારીકાં-
પુરી તથા મારાં મંદીર પાવન કર્યાં. પણ એક

વાર મને ભેટી આ મીત્રની દેહને પાવન કરો?

(અને ભેટ છે) રાણીઓ આવે છે.

જાંબુવંતી—વાહરે કૃષ્ણજીના મીત્ર વાહ ! બેહેનો કૃષ્ણ પ્રભુને સુચવો કે હવે ઘણું થયું એમની વિભુતી તમોને લાગી દેહ ખરાબ થશે.

સત્યભામા—બેહેનો એવા ભેટયા છે કે જાણે એક બીજામાં સમાઈ ગયા ના હોય.

લક્ષમીજી—બેહેનો મશ્કરી કરશો નહી. પ્રાણ પ્રભુનો ભાવ જુવો નકી કોક પરમ ભક્તરાજ છે. માટે ચાલો પતીની આગ્યા મુજબ તેમની પુજા કરી પુષ્પે વધાવી લઇએ. (પાસે જઈ) પ્રાણ પ્રભુ હવે હમોને શેવાનો લાભ આપો.

કૃષ્ણજી—લક્ષ્મીજી પ્રથમ મારા મીત્રની પુજા હું કરીશ. (થાળ લઈ લેછે)

લક્ષમીજી—જેવી પ્રાણ પ્રભુની મરજી પણ પુજાપાનો થાળતો ગ્રહણ કરવાદો એટલો લાભતો આપો (થાળી ઝાલે છે. કૃષ્ણ પોતાના આસન ઉપર બેસાડી સુદામાના જમણા પગના અંગુઠાનું ચરણોદક લઇ આરતી કરે છે)

સત્યભામા—સખીઓ આજસુધી પ્રાણ પ્રભુએ કોઇનું ચર્ણોદક લીધું નથી નકી કોઈ પરમ ભક્તરાજ છે માટે ચાલો આપણે પણ તે મોહા ભાગ્યને ચંદન કરી પુષ્પે વધાવી પાવન થઇએ (સુદામાને ચંદન કરી પુષ્પે વધાવે છે)

કૃષ્ણજી—લક્ષમીજી આજનો આનંદ વર્ણવ્યો જાય તેમ નથી આવો અલભ્ય લાભ મળવાથી હું તો

ગાંડા જેવો બની ગયો છું. તમો સર્વે સ્વહસ્તે રસોઈની તૈયારી કરો ને ઉષ્ણોદક તૈયાર કરી મને ખબર આપો આજ મારા પરમ મીત્રને હું મારા હાથે નવરાવીસ ને સાથે બેશી પ્રસાદી લઈશું.

રાણીઓ—જેવી પ્રાણપ્રભુની આગ્ના.

લક્ષ્મીજી—સખીઓ આજ આપણાં અહોભાગ્યકે પરમ ભક્તરાજની શેવાનો અલભ્ય લાભ મળે છે.

રાધીકાજી—કેમ સખી વામનેત્ર ફરકતું હતું તેનો દાખલો મળ્યો ?

લક્ષ્મીજી—વામ નેત્રતો મારૂ ફરકતું હતુ ને લાભનો આપણુ સર્વેને મળ્યો.

સત્યભામા—તે સર્વે પ્રભુ લીલાનો પ્રતાપ.

લક્ષ્મીજી—ચાલો સખીઓ પ્રથમ ઉષ્ણોદક તૈયાર કરી પ્રાણ પ્રભુને સ્નાન કરવા બોલાવીએ. :

(સર્વે જાય છે.)

કૃષ્ણ—સુદામાજી તમો થાકી ગયા હશો.

(ચંપી કરવા બેસેછે)

સુદામો—કૃપાનાથ આ શું કરોછો ?

કૃષ્ણ—મીત્ર શેવા.

સુદામો—શું તમોને આ કરવું ઘટે.

કૃષ્ણ—મીત્રની શેવા મીત્ર ન કરે તો કોણ કરે ?

સુદામો—માહારાજ ખાલી દોશીત શા માટે કરો છો. જે સુખ શીવ સનકાદીકને ના આપો તે સુખ આપોછો તેથી સુખમાં સોની ને દુઃખમાં રામ તે કહેવતાનુસાર અહંકારમાં ચઢી જઈશ તો ભક્તિ ભુલી જવાશે માટે માહારાજ બસ કરો.

કૃષ્ણ—સુદામાજી તમારા માટે નાહક એટલું બોલ્યું. હુ તારા દાસનો પણ દાસ છું આજ તેમને મીત્ર શેવાનો અલભ્ય લાભ આપી બેહદ આભારી કર્યો છે. (દાસી આવે છે)

દાસી—કૃપાનાથ ઉષ્ણોદક તૈયાર છે.

કૃષ્ણ—ચાલો સુદામાજી આજ હું તમોને મારા હાથે ચોળીને સ્નાન કરાવી તમારો થાક ઉતારીશ. (સુદામો જાય છે કૃષ્ણ પાછળ રહે છે)

કૃષ્ણ— ગાયન—૨૬

(પીયુ પીયુ રટુ પ્રેમેથી બાળા બીચારીરે.) એ રાહ

ખરેખરો સત્ય ભક્ત તું સુદામોરે
પધારીને આભારી કર્યો તેં તો આજ મુજને
ભક્તથી અધીક પ્રિય નથી મુને કોઈ
વિશેષતુજ ભક્તિની બલીહારીરે—પધારીને
અચળ ભક્તિ તારી સુખકારીરે—શેવા કીધી તારી બનીને દાસમે
દર્શન આશથી આવ્યો અહી—હું પુરૂ સફળ તુજ આશને
ભવ બંધ ત્રોડી, બેડો દઉં પાર ઉતારીરે—પધારી

પ્રવેશ ૫ મો.

સ્થળ—કૃષ્ણજીનું મંદીર સુદામાનો ઉતારો.

પાત્ર—સુદામા.

સુદામા—ભક્ત વત્સલ તે ખરૂંજ. જે સુખ શીવ સનકાદીકને ના આપે તે સુખ આપ્યું ને મને તો તેમાં લીનજ બનાવી નાખ્યો. આજ ઘણા દીવસ થયા ઘરતો સાંભરતુંજ નથી, હવે તો રજા લઇ ઘર તરફ જાઉં, કારણ હું તો અહીં સુખમાં માહાલું છું ને ઘેર છોકરાં ભુખે ટળવળતાં હશે, માટે આજ રજા માગી જવુંજ.

પણ સારૂ થયું કે આ તાંદુલની પોટલી હજુ સુધી છાની રહી છે ને જાણી હોત તો ફજેતી થાત. આ તાંદુલ તેને શું હીસાબના. માટે જણાવા દેવીજ નહી. કૃષ્ણજીથી તો અજાણી નહીજ હોય પણ ફજેતી થાય એમ ધારી સંભાળી નહી, તેની અગાધ લીલાનું આ જીભે વર્ણન થઈ શકે તેમ નથી.

ગાયન. ૨૭

(બાપજી બમ કરો લાજે) એ રાહ

અગાધ લીલા છે ત્હારી પાર ન પામું કદી વર્ણવતાં
શીવ સનકાદીક પણ ગયા હારી
તોપણ તે નહી શક્યા વિસ્તારી
મુંઢ મતી અતી છે મારી–શકુ શું વિસ્તારી
લીલા જે તમારી સફળ જન્મ જીભે ઉચરતાં–અગાધ

ચાલ્ય હવે કૃષ્ણજી પાસે જઈ રજા માગું (જાય છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—કૃષ્ણમંદીર હીંચોળાનો સીન,

પાત્ર—કૃષ્ણ–લક્ષમીજી–રાધીકાજી–સત્યભામા–જાંબુવંતી સુદામાજી– કૃષ્ણ–હીંચોળે બેઠા છે. રાણીઓ હીંચોળે છે)

લક્ષમીજી—પ્રાણ પ્રભુ, જે સુખ શીવ સનકાદીકને નથી આપ્યું તે સુખ તમોએ સુદામાજીને આપ્યું છે.

કૃષ્ણ—લક્ષમીજી મારી ધારણા મુજબનું લેશ સુખ તેને હજુ અપાયું નથી.

લક્ષમીજી—એમ કેમ બોલો છો પ્રાણનાથ. તમોએ જાતે શેવા ઉઠાવી તેથી અધીક સુખ બીજું કીયું છે?

કૃષ્ણ—તેના પુર્વનાં ભવ બંધન છે તે ત્રોડી મારી બરાબરીનો બનાવીશ ત્યારે મનને શાન્તી થશે.

લક્ષમીજી—(શું સ્વર્ગનું રાજ્ય તો નહી આપવું હોય)

કૃપાનાથ તમારી ભક્ત વત્સલતા ન્યારી છે.

(સુદામો આવે છે)

કૃષ્ણ—પધારો સુદામાજી આ હીંચોળા ઉપર (હીચકે બેસાડી પ્રભુ હીંચકા નાખે છે.

સુદામો—મહારાજ હવે મને ઘણા દીવસ થયા માટે ઘેર જવા આજ્ઞા આપશે.

કૃષ્ણ—તમારી મરજી એમ છે તો ભલે કાલે જજો. વારૂ આપણી નાનપણની વાત યાદ છે. ગુરૂજીને ત્યાંથી કાષ્ટ લેવા ગયા હતા તે સાંભરે છે.

સુદામો—તે વાત કેમ વિસરી જવાય થોડી ઘણી યાદ છે

કૃષ્ણજી—પણ મને તો પુરેપુરી યાદ છે સાભળો. યાદ હોય તે કહેજો.

ગાયન. ૨૮

કૃષ્ણ—સુદામો

(એક સાંજને સમે ઉભી કટારી) એ રાહ

એક સમય ગયા લેવા કાષ્ટ ભારી ના કહેતી રહી ગોરાણી બીચારી—એક
વીણી કાષ્ટ બાંધી ભારી સર્વે સાથે—વરસાદ મુશળધાર પડયો માથે—એક

સુદામો—મારી ટાઢથી બુરી દશા થઈ હતી.

કૃષ્ણ—ટાઢ પડી તન ઠુંઠવાઇ જાય જીવ—તમારો બહુ ગભરાય
આશ્રય લેવા પાહાડે ગયા વૃક્ષ તળે જઇ સુખીઆ થયા

સુદામો—ગોર આપણને શોધવા આવ્યા હતા,

કૃષ્ણ—ગોર પધાર્યા ગામથી ઘેર—કષ્ટ તણી સો જાણીપેર
ગોરાણીને ઠબકો દઈ—શોધવા માટે આવ્યા ધાઈ
નહી દેખ્યા નહી પેખીઆ શોધ્યા જડયા ન કયાંઈ
ઘેલા જેવા થઇ ફરે, તેતો વનની મહી.

સુદામો—આપણે જોયા કે તરત તેમની પાસે ગયા.

કૃષ્ણ—દેખ્યા ગુરૂજી આપણે વંદન કીધું ધાઈ

સુદામો—આપણે પણ વંદન કર્યું તુમ ચરણમાં ત્યાંઈ
ગુરૂજી તમને જાણતા ગોરાણી અજ્ઞાન

દુર કીધું ગત પુત્ર દઇ દીધું દર્શન દાન.

કૃષ્ણ—સુદામાજી ત્યારે તમોને બધું સાંભરે છે ખરૂં

સુદામો—મહારાજ ત્રિપણું લક્ષ્મીજીના દર્શન દઈ પાવન કર્યા તે કેમ ભુલી જવાય.

કૃષ્ણ—(હવે મને સુદામાના ભવ બંધન ત્રોડી અચળ સુખ આપુ ત્યારે શાંન્તિ વળે. મેહેનતનો બદલો માણસ આપે છે તો મારાથી કેમ રખાય પણ શી રીતે ભવ બંધન ત્રોડવા હાહા ઠીક યાદ આવ્યું ઘેરથી તેની સ્રીએ તાંદુલ આપ્યા છે તે દરિદ્ર અવસ્થા એટલે લુગડાંનું ઠેકાણું નહી હોવાથી ત્રણ ચીથરા એકઠા કરી તેમાં બાંધ્યા છે તે બંધ મારા હાથે છોડી તેનાં ભવ બંધન છોડું તે તાંદુલની ત્રણ મુઠીમાં સ્વર્ગ મૃત્યુ અને પાતાળનો વૈભવ આપી મારી બરાબર કરૂં.) વાહ સુદામાજી ઘેરથી મારી ભાભીએ ભેટ શું મોકલી છે તે તો કહો ?

સુદામો—(ભોગ મળ્યા જો વાત જાહેર કરશે તો ફજેતી થશે) કૃપાનાથ તમારા લાયકની ભેટ મુજ ગરીબને ત્યાં કયાંથી હોય.

કૃષ્ણ—(ફજેતીથી ડરે છે પણ તેની ફજેતી તે મારી ફજેતી બરાબર થાય પણ તે તાંદુળમાં એવો સ્વાદ મુકું કે જે ત્રીભોવનમાં ના હોય) હું કાંઈ હીરા મોતીનો ભુખ્યો નથી ફકત ભાવનોજ ભુખ્યો છું. માટે જે હોય તે બતાવો તમારી ભાવના ભેટથી મને ઘણોજ આનંદ થશે.

સુદામો— પોટકું સંતાડી) મહારાજ મશ્કરી શા માટે કરો છો ?

કૃષ્ણ—(આમ તે નહી આપે માટે બળથી પડાવી લેવું) પણ પેલું સંતાડયું શું. (પડાવે છે)

સુદામો—વાહ મારાજ શું લાજ લેવી છે ? હું ગરીબની મશ્કરી કરાવવી છે ?

કૃષ્ણ—સુદામાજી લાજ લેવાનું શું છે. તમારા જેવો માત બર આ દુનિયામાં કોઈ નથી. તમો તમારે જો- યા કરો. તમારી ભેટથી હું ઘણોજ ખુશી થયો છું ને આ નવીન ચીજ અહીંઆ કોઇએ જો- ઇજ નહી હોય તો ચાખી કયાંથી હશે.

(પોટલું છોડે છે)

લક્ષ્મીજી—કૃપાનાથ! અમારી જેઠાણીએ જતન તો બહુ કર્યું લાગે છે નકી કાંઈ ઉમદી ચીજ હશે. તે શીવાય આટલું જતન હોયજ નહી.

કૃષ્ણ—ખરૂ છે લક્ષ્મીજી આ તાંદુળનો સ્વાદ ત્રીભુવનમાં નથી. (બે મુઠી ખઇ જાયછે.)

લક્ષ્મીજી—(અરે આ બે મુઠીમાં મૃત્યુ અને પાતાળ- નો વૈભવતો આપ્યો ને જો ત્રીજીમુઠી આરોગી જશે તો અમારા સહ સ્વર્ગનું રાજ આપી દેશે માટે લાવ્ય કાંઇક યુક્તિ કરી પડાવું. ત્રીજી મુઠી આ રોગવા જાય છે ત્યાં હાથ પકડી) વાહ વાહ પ્રાણનાથ આમ એકલપેટા થશો કે ? અમારી જેઠાણીની ભેટ અમોને નહી કે ? (મુઠી પડાવી લે છે ને સર્વેને પ્રસાદી આપે છે.)

સર્વેરાણીઓ—પ્રાણ પ્રભુનું કહેવું સત્ય છે આવો સ્વા- દ ત્રીભુવનમાં પણ નથી. મારા રાજ આ શું ચીજ છે.

કૃષ્ણ—(ફક્ત લક્ષ્મીજી ચેતી ગયાં ને મને સ્વર્ગનો વૈભ- વ આપતાં અટકાવ્યો પણ આ કાંઇ ઓછુ ન- થી) કેમ પ્રિયા સ્વાદ કેવો ?

સર્વેરાણીઓ— ગાયન ૨૯.

(અરે જાગોને જોગીરાજ) એ રાહ.

ખરે સ્વાદ અજબ આમાં, ત્રીલોકમાં નહી ભાળ્યો—ખરે
ખાધી છે અમુલખ ચીજ, નહી તુલ્ય કોઇ આનીજ,
આતે શેનાં છે બીજ (૨) ખરે.

સૌ સખીઓ સંગે મળીને વીનવીએ પ્રભુ પાસ,
વધુ આપી પુરો આશ. (૨) ખરે.
આપોને થઇ પરસન, નથી ઇચ્છા કાંઇ અન્ય,
ખાધે જીવીત ધન્ય ધન્ય (૨) ખરે છે.

કૃષ્ણ—પ્રિયા એતે વધારે ક્યાંથી હોય—એતો એમના ઘરની પ્રસાદી.

સત્યભામા—શું માહારાજ તેઓ આવી ચીજ રોજ ખાય છે.

કૃષ્ણ—હા પ્રિયા તેમને ત્યાં આ ચીજનો તોટો નથી.

રાધીકા—ધન્યછે તેમને. સ્વાદની બલીહારી (હાશી આવછે.)

દાશી—માદેવી ભોજન સમય થયો છે.

લક્ષ્મીજી—પધારો પ્રાણપ્રભુ.

કૃષ્ણ—સુદામાજી પધારો. (સર્વ જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—દ્વારકાંની ભાગોળ. પાત્ર—કૃષ્ણજી—સુદામો.

સુદામો—કૃષ્ણજીએ હજુ સુધી કાંઇ આપ્યું નહી. ઘેરથી વીદાય કરી પાછળ રહયા ને મને થોભવા કહ્યું છે. તેથી ખાત્રી થાય છે કે કાંઇ આપશે. મારી દશા તેનાથી ક્યાં અજાણી છે સ્રીઓથી છાનું આપવું હશે તે તેમની સમક્ષ શી રીતે આપે. શું સ્રીઓ પાસે તેમનું ચલણ નહી હોય. તેતો બનેજ કેમ કારણ સર્વે રાણીઓ સતીઓનો અવતાર છે પણ તેમનાથી છાનુંજ આપવાનું હશે તેથીજ મને થોભવા કહ્યું છે પણ તેતો આવ્યા હવે જે હશે તે જણાશે.

(કૃષ્ણ આવે છે)

કૃષ્ણ—સુદામાજી બાલ ગોપાલને સાચવજો. ને આ દાસ ઉપર કૃપા દષ્ટી કરી બીજી વખત પધારી આભારી કરશો.

સુદામો—(અરે હજુ કાંઇ આપવાની તો વાતજ નથી ને બાળગોપાળને સાચવજો. ફરીથી પધારી આભારી કરજો એમ કહે જાય છે તો શું કાંઇ આપશે કે નહી) બહુ સારૂ કૃપાનાથ પણ મેહેર કરી એક વખત સુદામાપુરી પધારી મુજ રંકને પાવન કરવા વચન આપો.

કૃષ્ણ—(તેને ક્યાં ખબર છે કે તે રંક નથી ને તેને માગવું છે પણ જીભ ઉપડતી નથી. ઘેર પાતાળ તથા મૃત્યુલોકની સાહ્યબી છે તે ક્યાંથી જાણે પણ હાલ કાંઈ જણાવા જરૂર નથી.) બહુ સારૂ સુદામાજી લ્યો વચન જાવો એક વખત તમો બોલાવશો તે વખત સુદામાપુરી આવીશ. તેમાં મેહેર શેની ઉલટો તમારા દર્શનનો લાભ થશે.

સુદામો—અરે હજુ પણ આપવાની તો વાતજ કરતા નથી) બહુ સારૂ કૃપાનાથ તેથી મને અત્યાનંદ થયો હવે હું રજા લઇશ દાસને વિસરતા નહી.

કૃષ્ણ—એક પળ પણ વીસરનાર નથી.

કૃષ્ણ—સુદામો— ગાયન. ૩૦.

(આ તન મન ધન અરપણ) એ રાહ

કૃષ્ણ—છે ચીતવન તમ હરનીશ સાચુ મન મ—હીરે.

સુદામો—ઇચ્છુ નહી તુમ ભક્તિ વીણ અન્ય કં—રે,

કૃષ્ણ—પાંઠવજો કુશળાંત દાસપર રેહેમલ—હીરે.

કામકાજ પાઠવજો પિતે—જાણી શેવક સાચો ચીતે

સુદામો—દયાળુ વીઠલવર રે મુક્તિ કન્ત.

કૃષ્ણ—છે ચીતવન તમ હરનીશ સાચુ મનમ—હીરે.

સુદામો—મોહ માય ભરી આ કાય—

તુમ ચરણે પાવન થાય.

કૃષ્ણ—વિણ વ્હેમે—સાચા પ્રેમે—લ્યો દાસ તમો જાણી—છે.

(કૃષ્ણ જાયછે)

સુદામો—અરે તેતો ગયો પણ કાંઇ આપ્યું નહી. મને ઉદર પોષણ જેટલુ આપવામાં તેને ત્યાં શું તોટો આવવાનો હતો પણ તે જીવનો મેળ છે. રાણીઓ સમક્ષ મારી શેવા કરી મને મોહોટો દરાવ્યો પણ જે અર્થે હું આવ્યો હતો તે અર્થ સાર્યો નહી. મારે થોડીજ તેની સાહ્યબી લેવી હતી ફક્ત ઉદરપોષણ જેટલીજ ઇચ્છા હતી પણ તે બાચારો ભરવાડમાં ઉછરી મોટો થયેલો એટલે જીવ પણ ભરવાડ જેવોજ હોય ને ના આપ્યું તો ના આપ્યું પણ ઉલટા મારા તાંદુલ જે એક ટાણું છોકરાંનું ઉદર પોષણ થાત તે પણ પડાવી ખાઇ ગયો. ઘેર છોકરાં મારી વાટ જોઈ રહ્યાં હશે કે દ્વારકાંથી કાંઇ લાવશે પણ મને ખાલી હાથે ગયેલો જોઈ નીરાશ થઈ નીસાસો નાખશે. કપટથી તાંદુલ પડાવી રાણીઓ સમક્ષ મારી લાજ લીધી. શું તેણે પોતાની પ્રભુતા તજી દીધી.

ગાયન ૩૧

(કાંન્તી ક્યાં હરાઈ) એ રાહ

સુદામો—પ્રભુતા શું ગમાય
ઉદારતા ગઈ છળી કપટ છવાઇ—પ્રભુ
આહીર ભેગાં રહી ગુમાવી—મહી માંખણ ચોરી ખાય
તાંદુલ હરવા કીધુ દાસત્વ તે ધાઇ—પ્રભુ

હા હા નક્કી તેમજ—પણ અરે હું કેમ ભુલુ છું મારી બુદ્ધી ક્યાં ગઇ તેણે ના આપ્યું તેમાં તેનો શું દોશ. પુર્વના સંચીત નહી તેથી દોશ માગ પ્રારબ્ધનો. ને ના આપ્યું તેથી આટલો માયામાં ઉસ્કેરાયો તો આપ્યું હોત તો તે માયામાં ગરક કેમ ન થાત. ને ગરક થાત તો ભક્તિ કેમ ના ભુલી જવાત હા હા નક્કી તેમજ થાત. તેણે જે કર્યું હશે તે વીચારીનેજ કર્યું હશે. પણ મેં મુઢ મતીનાએ અજ્ઞાનતામાં રહી તે દીન બોલીને કદુ

વચનો કહ્યાં ને પાપનો પોટલો બાંધ્યો. તેતો ભક્ત વત્સલજ છે. જો તેમ ના હોત તો જે સુખ સુર સનકાદીકને ના આપે તે સુખ આપ્યું તે શાનું આપે. તેણે કાંઇ નહી આપ્યું તે સારૂજ કર્યું છે. પણ નથી આપ્યું કેમ. જે દર્શન દેવને દુર્લભ તે દર્શન આપ્યાં તે શું ઓછું છે. માટે કરેલ પાપનો પસ્તાવો કરે શું વળશે. તે દીન બેલી દયાળું છે માટે કીધેલ કટુ વચનો માટે માફી માગું.

ગાયન. ૩૨

(તમે વીઠલ વેહેલા વળજો) એ રાહ.

મમદોષ ક્ષમા સૌ કરજોરે નાથ મોરારી
પડયો પાપ કુપે કર ધરજોરે લેજો ઉગારી
સુદ્ધ મતી અતી બાવરી થઇ કર્યો ન કાંઇ વીચાર
લોભે જઇ કટુ વચનો કીધાં ભર્યો પાપનો ભારરે—મમ.
સુર સનકાદીકને નવ મળતુ તે સુખ પામ્યો સાર
તેથી અધીક તુમ દર્શન મળીઆં પણ સમજયો ન ગમારરે—મમ

પ્રવેશ ૮ મો.

સ્થળ—સુદામાની ઝુંપડી—પાછળથી મેહેલનું આવવું ઝુંપડીનું ઉડી જવું.

પાત્ર—રૂપીપત્નની દાસીઓ—છોકરા—સુદામો.

જમનાબાઇ—પ્રાણ પ્રભુને ગયે ઘણા દીવસ થયા પણ હજુ આવ્યા નહી. શું કૃષ્ણજીના દર્શનમાં લીન તો નહી બની ગયા હોય. કે તેમનામાં મળી તો નહી ગયા હોય—તેમના પરમ ભક્ત છે એટલે કેમ કાંઈ કહી શકાય. વળી ભક્ત વત્સલ ભગવંત તેમને ભક્તરાજ મળ્યા એટલે કેમ મુકે. ને હમે તો યાદજ શેના આવીએ (ઝુંપડી ઉડી મેહેલ આવે છે) અરે મારી ઝુંપડી ક્યાં—આ મેહેલ શેના (મેહેલમાંથી દાસીઓ આવે છે.

દાશીઓ—બાઈ સાહેબ મેહેલમાં પધારો.

જમનાબાઇ—તમો કોણ છો !

દાશીઓ—અમો આપની દાશીઓ છીએ કૃષ્ણજીએ આ વૈભવ તમોને આપ્યો છે ને હમને તમારી શેવામાં મોકલી છે.

જમનાબાઇ—શું આ બધો કૃષ્ણ ચરણનો પ્રતાપ (ત્યાં જમનાબાઇ સુંદરી રૂપ બને છે) અરે આ શું ! મારૂ વૃદ્ધપણુ ક્યાં ગયું. આ યુવાન અવસ્થા શી!

દાશીઓ—એ બધો કૃષ્ણ લીલાનો ચમત્કાર.

જમનાબાઇ—ખરેખર તેમજ. પ્રાણપતીએ ત્યાં બેઠે મોકલી આપ્યું. કૃષ્ણ દયાળું છે. ચાલો તે દીન બેલની પ્રાર્થના કરીએ.

જમનાબાઇ—દાશીઓ

ગાયન.

(મને આવે છે ફેર) એ રાહ.

જમનાબાઇ—કીધી કૃષ્ણજી મેહેર સુખી બનાવી દુઃખી હતી
કરે તરણાનો મેર અજબ કૃતી લક્ષ્મી પતી—કીધી
'કૃષ્ણ ચરણ પ્રતાપથી છે મળીયુ આ સુખ
રેળી સુખ રેલમાં

દાશીઓ—બા પધારો મેહેલમાં

જમનાબાઇ—શેનું સુ પેર—સુખી

(મેહેલમાં જાય છે)

(સુદામો આવે છે)

સુદામો—અરે મારી ઝુંપડી ક્યાં ? શું હું ભુલો તો પડયો નથી (જાય છે ને આવે છે) નાના જગ્યા તો આજ શું કોઇ શાહુકારે મારી ઝુંપડી પાડી નાંખી મેહેલ ચણાવ્યા હશે તેમ પણ હોય પે- સાથી શું ના બને પણ ઝુંપડી ગઇ તેની તો કોઇ ચીંતા નથી પણ મારાં બેરી છોકરાં ક્યાં

ગયાં. ગરીબ બીચારી ક્યાં હશે. છોકરાની શું દશા હશે કૃષ્ણજીને કડુ વચન કહ્યાં તેની શીક્ષા. હવે હું ક્યાં શોધું.

ગાયન ૩૪.

(હાય હાયરે સરદાર વિણ) એ રાહ.

હાય હાય વ્હાલાં બાળ ક્યાં શોધુ હવે હું ક્યાં જઇ
બીચારાં ક્યાં રવડો તમો હાય દશા આવી શું થઇ
ભુખે દુખે મરતા હશો પ્યારી જઇ તું ક્યાં રહી
જાતા પરણકુટી તમો રહેતા હશો શું દુઃખ સહી
ચોટયું છે ચોત્તાજ ભેટવા તેતો તમો દાસો નહી
કડુ વચન કીધાં કૃષ્ણને તેની સજા પુરી થઇ
કહાવે આપ દીન બેલી દયાળું—ચટે નહી આમ કરતું હે કૃપાળું
મીલાવો પુત્ર પત્ની શાંન્તી આપો—ઝગરથી માર આહું પાપ કાપો.

આટલામાં તો કોઇ જણાતુ નથી નહીતો પુછીને પ્રવેશ થાત (જાય છે)

(જમનાંબાઇ ઝરૂખામાં આવે છે ને સુદામાને જુએ છે ત્યાં નીચે આવી)

જમનાબાઇ—દાશીઓ જાવો ઓરદમ શેવા સામગ્રી લઇ આવો પ્રાણ પ્રભુ પધાર્યા

દાશીઓ—જેવો બાઇસાહેબનો હુકમ—(જાયછે ને પુજાની થાળીઓ લઇ આવે છે) (સુદામો આવે છે)

જમનાબાઇ—દાશીઓ ચાલો પુષ્પે વધાવો (પુષ્પની વૃષ્ટી કરી બધાં વીટાઇ વળે છે) પ્રાણ પ્રભુ મેહેલમાં પધારો.

સુદામો—અરે! તમો કોણ છો! મને કેમ ઘેર્યો છે? મારૂ તમારે શું કામ છે? હું તો મારાં પત્ની પુત્રને શોધુંછું.

જમનાબાઇ—પ્રાણનાથ તેજ હું આપની પત્ની.

સુદામો—જા બાઇ જા બાજાને ચળાવ્ય આ ભક્ત કદાપી કાળે ચળાત થશે નહી તે નહીજ

જમનાબાઇ—પ્રાણનાથ હું આપનીજ દાશી છું.

સુદામો—જાઓ મને નાહક હેરાન નહી કરો ને મને જવાદો. કદી સમુદ્ર મર્યાદા મુકે, કદી સુર્ય પાશ્ચમ

ઉદય થાય-કદી મેરૂ ચળે-તે વાત સંભવીત નથી છતાં કદાપી બને પણ આ કાયા કદાપીકાળે ચળીત થનાર નથી તે નથીજ તમોને જોતાં તમારા માટે મને સારો વીચાર બેસતો નથી. મને જવાદ્યો નહીતર શ્રાપ આપીશ.

જમનાબાઈ—પ્રાણનાથ આ સર્વે કૃષ્ણ ચરણનો પ્રતાપ છે. પ્રભુ દર્શનનું ફળછે-તમથી કયાં અજાણ્યું છે.

ગાયન. ૩૫

(દીલમારૂ માને નહી) એ રાહ.

પ્રભુ દર્શન પ્રતાપે, મળ્યુ સુખ આપે—હેતે ગ્રહોને નાથજી
કૃપા દ્રષ્ટી કરી હરી કષ્ટોને કાપે—ચીતે લહો તે નાથજી
ભક્તિ બળે પ્રભુ રીઝીઆ મીરાંપરે સુ પ્રસન થઈ
વિષનું અમૃત કીધું-પ્રલ્હાદ સ્થંભે વસ્યા જઈ
મંઝારી બચ્ચાંને ઉગાર્યાં ભક્ત ભક્તિ ઉર લહી
ભક્ત વત્સલ બુદરા તને શું પીછાણ્યો નહી
દર્શ ફળે કાપી દુઃખ—આપ્યુ અચળ સુખ
શંકા તજો તમો નાથજી પ્રભુ.

માટે પ્રાણનાથ એ દીન દયાળુંનાં કૃત્યો તમથી કયાં અજાણ્યાં છે છતાં આપ મેહેલમાં પધારી ખાત્રી કરો ને તમારી ખાત્રી ના થાય તો સુખેથી શ્રાપ આપજો. ચાલો મેહેલમાં પધારો

સુદામો—વારૂ પણ મારા પુત્રો કયાં

જમનાબાઇ—તેઓ સ્નાન કરી વસ્ત્રો પેહેરતા હતા.

(મેહેલ તરફ જોઈ) આ આવે.

(છોકરાં આવી સુદામાને બાઝી પડે છે)

છોકરાં—બાપુ આપણે તો હવે સાહ્યબી વાળાથયા ઘરમાં તો ચાલો. હમનેતો બધુ નવું નવું લાગે છે.

સુદામો—(કૃષ્ણલીલા અગાધ છે તેમ પણ હોય) બલ ચાલો (મેહેલ પાસે જતાં એકદમ કપડાં વીગેરે બદલાઈ જાય છે તથા વૃદ્ધપણુ જતુ રહેછે)

અરે આશું મારી વૃદ્ધ અવસ્થા ક્યાં ગઇ. હું આવો સ્વરૂપવાન ક્યાંથી મ.રો વસ્ત્રો ક્યાં. આ એકદમ રાજા જેવો શાથી બન્યા શોનું કહેવું અશાબ્ગ છે. કૃષ્ણજીની અગાધ લીલાનો પાર કોણ પામી શકે તેમ છે હું તો કહેતો હતો કે મને કાંઇ ના આપ્યું. પણ અત્રેતો તેણે અથાગ માયા આપી પોતાના જેવો સાહ્યબીવાળો બનાવ્યો, એક લગાર પણ જાણ કરી છે કે તમોને અથાગ માયા આપી છે શામાટે જણાવ તે તો પહેલથીજ જાણે છે કે આ માયા હું તેમને હાથો હાથ આર્પીશ તો તે ગ્રહણ નહી કરે તે તો અગમ નીગમ જાણવા વાળા છે તેથી બારોબાર વીદાય કરી પણ આ માયા આપણે અં-ગીકાર કરવાની નથી. આતો તેને પાછીજ આપવી. સારૂ થયું કે અત્રે પધારવા વચન લીધું છે માટે પત્ર લખી એક અનુચર દ્વારકાં રવાને કરી તેમને અત્રે બોલાવું ને તેની માયા તેને પાછી આપુ. (દાશી ખડીઓ કલમ અને કાગળ લાવ્ય.)

દાશી—લાવીજી (લાવી આપે છે)

સુદામો—(પત્ર લખી) અનુચરને બોલાવો

(અનુચર આવે છે)

અનુચર—માહારાજ શો હુકમ છે !

સુદામો—આ પત્ર લઇ દ્વારીકાં જાઓ ને કૃષ્ણજીને હાથો હાથ આપજો અને તેમને સાથે તેડી અત્રે પાછા આવજો.

અનુચર—જેવો હુકમ (કાગળ લઇ અનુચર જાય છે)

જમનાબાઇ—પ્રાણનાથ હાલને કાશ દ્વારીકાં પત્ર શી બાબતનો લખ્યો ને કૃષ્ણ પ્રભુને અત્રે તેડાવ્યા છે તે શું આવશે !

સુદામો—હા પ્રીઆ તેઓ વચને બંધાએલા છે માટે જરૂર આવશે. ને તેડાવાનું કારણ એ કે આ

માયાના કુપમાં આપણે પડવું નથી તેને તેને પાછી આપવી છે આપણને તો ઉદર પોષણ જેટલુંજ બસ છે. તે સઘળું તે આવેથી વાત પણ ચાલો આપણે અચળ ભક્તિ મળવા તે દીનબેલીનુ સ્મરણ કરીએ.

જમનાબાઈ–સુદામો–બીજાં સર્વે.

ગાયન ૩૬.

(મુનીવર પુત્રી એ જાણી) એ રાહ.

સર્વે—અકળીત છે લીલા તારી–તુજને નમીએ વારંવાર

સુદામો—અવીચળ માયા કુપે નાંખ્યો–જણાય નહી જરાય

અંગીકાર થતાં તે વ્યાપે–ભક્તિ દુર પળાય–અકળીત

જમનાબાઈ–વિદુર ભાજીને માન આપી સંતોષ્યા તે મુન્ય

સ્વીકારી તાંદુળ તેવા રાખી નહી કાંઇ ન્યુન–અકળીત

બંને—અવીચળ ભક્તિ માગીએ–જે શીવ પુરનો સાથ

આશા હમારી પુરજો દીનબેલી દીનનાથ

કહાવો પરમ કૃપાળું તાત–ભર ભવ દધીથી

ઝાલો હાથ—અકળીત

(જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—કૃષ્ણજીનો મેહેલ. પાત્ર—કૃષ્ણ, લક્ષ્મીજી, અનુચર.

કૃષ્ણજી—લક્ષ્મીજી તમો ચેતી ગયાં ને મને મારા પરમ ભક્તને સ્વર્ગનો વૈભવ આપતો અટકાવ્યો.

લક્ષ્મીજી—માહારાજ આપ ભક્ત વત્સલ છો તમારી ભક્ત વત્સલતા ન્યારી છે. પણ તે સાધુ પુરૂષને આ વૈભવ ગમેજ નહી. તેઓ આવા વૈભવ મેળવવા સાધુતા ધરાવતા નથી ને મૃત્યુ અને પાતાળનો વૈભવ કાંઈ થોડો નથી.

કૃષ્ણજી—તમારૂ કહેવું સત્ય છે. ને તેણુ તે વૈભવ જોઈ
હાલને હાલ અનુચર અત્રે મોકલ્યો છે તે આ-
વવામાંજ છે.

લક્ષ્મીજી—અનુચર શા માટે મોકલ્યો છે.

કૃષ્ણજી—આપેલ વૈભવ પાછો લેવા માટે મને ત્યાં આમં-
ત્રણ કર્યું છે. (દાશી આવે છે.)

દાશી—કૃપાનાથ એક અનુચર આવ્યો છે ને કહે છે કે
સુદામાપુરીથી સુદામાનો પત્ર લાવ્યો છું તે મા-
હારાજને હાથો હાથ આપવાનો છે.

લક્ષ્મીજી—હાથો હાથ શા માટે જા દાશી તે પત્ર
લઇ આવ. (દાશી જાય છે તેને)

કૃષ્ણજી—સત્પુર, તેના અનુચરનું અપમાન કરતાં નહી. જો
કે હું તેનો તોહાસ છુંજ પણ તેના તપોબળથી
તેના દાસનો પણ દાસ છું. માટે તેને અત્રે બો-
લાવો. જા તેમને અત્રે પ્રવેશ કરાવ.

દાશી—કૃપાનાથનો હુકમ. (અનુચર આવે છે)

અનુચર—કૃપાનાથ સુદામાજીએ પત્ર આપ્યો છે.
(પત્ર આપે છે)

કૃષ્ણજી—વારૂ બીજી કાંઇ શેવા ફરમાવી છે.

અનુચર—માહારાજને સાથે તેડી લાવવા કહ્યું છે.

કૃષ્ણ—બહુ સારૂ તમો ભોજનશાળામાં ભોજન કરી બહા-
ર બેસો હું હાલ આવું છું. (દાશીને) દાશી જા
આને ભોજનશાળામાં લઇ જા)

દાશી—ચાલો મહારાજ. (બંને જાય છે)

લક્ષ્મીજી—પ્રાણનાથ કાગળમાં શું લખ્યુ છે.

કૃષ્ણજી—લ્યો વાંચો મારા ઇષ્ટ જોગના વીનવણી.

લક્ષ્મીજી— ગાયન ૩૭.

(રણુજીત છે પ્યાસીરે) એ રાહ.

દર્શન આપજો રે વ્હાલા વેગે અહીં પધારી
દીન બેલી તમો રે સાચા ભક્ત વત્સળ મોરારી.
આવું નોહોતું જાણ્યું મેં તો છાનું તમારૂં કામ
પર્ણકુટીને બદલે કરીઆં તમ જેવાં અહીં ધામ. દર્શન.
અખુટ વૈભવ. દીધો છે મુજને પણુ નવ ગ્રહ્યો ગાહારાજ
પાછો લ્યોને આવી તે તો રાખો ગરીબની લાજ—દર્શન.
સત્ય વચન દીધું શામળીઆ રટણુ કરૂ દીન રાત
દર્શન આપનું મળશે જ્યારે—ત્યારે થશે મન શાન્ત.—દર્શન.

લક્ષ્મીજી—પ્રાણુનાથ તમારે તો તેમને સ્વર્ગનો વૈભવ આપવો હતો ને તેને તો આ પણુ જોઈતાં નથી સાધુ પુરૂષની બલીહારી છે. કેવી વીનવણી લખી છે.

કૃષ્ણજી—વીનવણીની કાંઈ જરૂર નહોતી ફકત બે બોલ લખ્યા હોત તો બસ હતું. હવે મારાથી એક પળ પણુ રોકાય નહી હાલને હાલ જવુંજ જોઈએ.

લક્ષ્મી—પ્રાણુનાથ હાલને હાલ જવાનું શું કારણુ છે કાગળ લખી ઉત્તર મોકલો.

કૃષ્ણજી—કારણુ તેજ કે હું વચને બંધાયેલો છું ને ન બંધાયો હોત તો પણુ તેમના હુકમને માન આપવું તે મારી ફરજ છે. કારણુ હું તેમનો દાસ છું, ને મારા ગયા શીવાય આપેલ વૈભવને તે ગ્રહણુ નહી કરે. માટે જાઉં છું હવે મારાથી ખોટી થવાય તેમ નથી મારો જીવ તેનામાં લાગી રહયો છે.

લક્ષ્મીજી—બહુ સારૂ કૃપાનાથ પણુ વેહેલા પધારી આ દાસીને દર્શનનો લાભ આપજો.

લક્ષ્મીજી— ગાયન ૩૮.

(મારે છે ભરૂસો મને) એ રાહ.

દર્શ દેજો આપ આવી વ્હેલા શામરે
વ્હેલા શામ વ્હેલા શામ વ્હેલા શામરે. (૩) દર્શ
ભક્ત વત્સલ છોજી આપ કૃપાળુ.
દીન દાસીના છો આપ અભીરામરે. (૩) દર્શ
કરી વીયોગી થશો ભક્તના સંયોગી
તુમ વીયોગે ખાનપાન છે હરામરે. (૩) દર્શ
કૃષ્ણ—ચીંતા તજો વ્હાલી વ્હેલો હું આવીશ,
પધારો સુખે પ્યારા મારા છે પ્રણામરે. (૩) દર્શ

ટેબલો.

બીજો અંક સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો.

સ્થળ—સુદામાજીનો મેહેલ.

પાત્ર—સુદામો—જમનાબાઇ—કૃષ્ણજી.

સુદામો—આજ ઘણા દહાડા થયા પણ કૃષ્ણ પ્રભુ કેમ પધાર્યાનહી. શું માયામાં ધકેલી વીસારી મુકયો પણ તેમનાથી શું અજાણ્યું છે તેતો ઘટ ઘટ વ્યાપક છે અને વચને બંધાયેલા છે એટલે જરૂર આવશે.

અનુચર—માહારાજ કૃષ્ણ પ્રભુ પધાર્યા છે.

સુદામો—પ્રિયા પુજાનો થાળ લઇ બહાર આવો કૃષ્ણ પ્રભુ પધારે છે.

જમનાબાઇ—આવી પ્રાણનાથ. (થાળ લઇ આવેછે.)

કયાં છે.

સુદામો—એ આવે. (સામા જાય છે કૃષ્ણજી આવે છે તેના ચરણ કમળમાં પડે છે.)

કૃષ્ણજી—(બંનેને ઉઠાડી માથે હાથ મુકી) સુદામાજી મને તમારા દર્શનનો મોટો લાભ મળ્યો.

સુદામો—માહારાજ મુજ ગરીબનું ઘર પાવન કરી અમારી દેહનું સાર્થક કર્યું.

કૃષ્ણજી—સુદામા હવે તમો ગરીબ કયાં છો ?

સુદામો—માહારાજ ગમે તેટલી રીદ્ધી તમોએ આપી છતાં હું તો તેવોજ છું. પણ માહારાજ જે માયાથી હું દુર રહેવા માગુંછુ તે માયામાં લપટાવી ભક્તિ વિરક્ત કરવો છે ?

કૃષ્ણજી—ભક્તિ વિરક્ત કોણ કરે છે. અકળાઓ છો શું કરવા.

સુદામો—ત્યારે આ વૈભવ મારે શું કરવા છે. મને તો મારૂ હતું તેજ પાછું આપો. મારી મનેચ્છા આ વૈભવ માટે નહોતી ફક્ત ઉદર પોષણ જેટલીજ ઈચ્છા હતી. આ વૈભવની જરૂર નથી જુવો.

ગાયન ૩૯.

(મને મહારાજ નતાવોરે) એ રાહ.

શાને મહારાજ સતાવોરે (૨) નવ ઇચ્છુ હું વૈભવ
આવો—શાને.

જો કદી માયામાં ગુંચાઉ—લક્ષ ચોરાશી ફેર કમાઉ
જીવતર સઘળું એળે ગુમાવું—નવચાહુ ભલે તાવોરે—
ખરે ન ચાહું ભલે તાવોરે—શાને મહારાજ સતાવોરે,
પાછી લ્યો તવ દીલ ખુશ થાશે—ભ્રાંતી સઘળી દુરપળાશે.
તેડયા છે તમને તે આશે—છે તમપર દાવોરે—
મારો છે—શાને.

ઘો ભકિત છે આશ અમારી-કોડ પુરો પ્રીતે કીરતારી,
તો જાણું સુખ આપ્યું ભારી-નહી વ્યર્થ લોભાવોરે—
આમ નહી—શાને.

કૃષ્ણજી—વારૂ સુદામાજી તમને મારા વચનનો ભરોસો છે?

સુદામો—માહારાજ તમારા વચનનો ભરોસો કેમ ના હોય. કારણુ વચને બંધાયેલા હતા તેથી તો અત્રે પધારી મને પાવન કર્યો નહીતર તમારા પગલાં મુજ ગરીબને ઘેર ક્યાંથી !

કૃષ્ણજી—તો લ્યો આ વચન. સુદામો—શી બાબતનું.

કૃષ્ણ—તમો હાથતો લાવો (હાથમાં વચન આપેછે) આ સત્ય વચન આપું છું કે આ વૈભવથી તમારી સાધુતામાં કાંઇ પણ વાંધો નહી આવે. અને છેવટ મારા પદને પાગશો. માટે સુખેથી આ વૈભવ અંગીકાર કરો.

સુદામો—પણ માહારાજ ભકિત ભુલી જવાશે તેનું.

કૃષ્ણ—વચનનો વિશ્વાસ રાખો ભકિત કદાપી ભુલી જનાર નથી. માટે સુખેથી આ વૈભવ અંગીકાર કરો.

સુદામો—જેવી કૃપાનાથની ઇચ્છા (જમનાબાઇને) પ્રિયા રસોઇની કેટલી વાર છે !

જમનાબાઇ—પ્રાણનાથ રસોઇ સર્વ તૈયાર છે. ફકત રોટલી બાકી છે. તમો ગોમતીજી સ્નાન કરી આવો તે સમયમાં હું રોટલી તૈયાર કરૂંછું.

સુદામો—કૃપાનાથ ગોમતીજી સ્નાન કરવા પધારો.

કૃષ્ણજી—બહુ સારૂ ચાલો.

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો. **પાત્ર**—કૃષ્ણજી—સુદામો.

સુદામો—માહારાજ તમારી લીલા અગાધ છે. શીવસનકાદીક સરખા પણ પાર પામ્યા નથી તે લીલા બતાવા કૃપા કરો.

કૃષ્ણ—સુદામાજી તે જોવામાં સાર નથી દુખી થશો.

સુદામો—તમારા શરણુમાંર હી તે લીલા જોવાથી દુઃખ ઉત્પન થશે તો બચાવી લેનાર તમો કૃપાનાથ પાસેજ છો એટલે ભય શેનો. માટે એકવાર કૃપા કરી બતાવો.

કૃષ્ણ—(સુદામાને લીલા જોવાની ઇચ્છા થઇ છે. માટે બતાવવી તો ખરી જેથી તેના મનની શાંન્તિ થઇ ભ્રાંન્તિ દુર થાય) ઠીક છે જોઈ લેવાશે.

સુદામો—માહારાજ જોઇ લેવાશે એમના કહો એક વખત તે લીલા બતાવવા વચન આપો.

કૃષ્ણ—લ્યો આ વચન એક વખત બતાવીશ હવે રાજી થયા. ચાલો ગોમતીજી જઇ સ્નાનાદીક કામ કરી જલ્દી ઘર તરફ જઇએ.

સુદામો—ભલે, પધારો.

પ્રવેશ ૩ જો.

સ્થળ—ગોમતીજીનો સીન નદીનું દરીયાના રૂપમાં બદલાવું.

પાત્ર—નાહાવા આવેલા લોકો—કૃષ્ણજી—સુદામાજી

કૃષ્ણજી—ચાલો સ્નાન કરવા મારો નદીમાં ભુશકો.

સુદામાજી—ચાલો (કીનારે ઉભા રહે છે.)

કૃષ્ણ—(હવે મારે સુદામાને લીલા બતાવવી) કીનારે જઇ સુદામાને ધકો મારે છે. (લ્યો જુઓ લીલા)

(નદી દરીયાના રૂપમાં બદલાય છે)

સુદામા—(દરીયામાં ડોકુ બહાર કાઢી) અરે આ શુ આતો ગોમતીજી નહી આતો કોઇ મહાસાગર છે નદી ક્યાં ગઇ આ માહાસાગર શેનો તે સૌ કૃષ્ણ લીલાનો ચમત્કાર. હવે ચાલ્ય પેલા સામેના બેટ તરફ જાઉ. (બેટ તરફ જઈ બહાર નીકળી બેટના કીનારે આવે છે) હવે હું કીનારે તો આવ્યો પણ હું ક્યાં કૃષ્ણજી ક્યાં. પળમાં આશું બની ગયું. હવે મારી શું દશા થશે. પણ પેલુ કોણ આવે છે ચાલ્ય સંતાઇને જોઉ. (સંતાય છે) (માછી લોક આવે છે)

માછી લોકો— ગાયન. ૪૦

હાલને હીરૂ હળુ હળુ તુ હળવે પડશે માનરે—
તારૂ તનડુ લાગ્યુ જવાનીમાં ઝુલવા
હામલો હાથી સુછું મરડે સુછના દોરે મોહીરે
તારૂ તનડુ લાગ્યું જવાનીમાં ઝુલવા
આંખ્યું મારે ને કરે અણુહારા (૨)
જાણી ગયો હો હાથરે.
તારૂ તનડુ લાગ્યું જવાનીમાં ઝુલવા
દહ પૈહાનો દારૂ પીધો (૨)
દારૂમાં બની બે ભાનરે
તારૂ તારૂ તનડુ લાગ્યું જવાનીમાં ઝુલવા

સુદામો—બાઇઓ તમો કોણ છો ?

માછી—હમો માછી લોક છીએ માછી લોક.

સુદામો—ભાઈ આ બેટમાં કોઈ બ્રાહ્મણનું ઘર છે?

માછી—બામણ ફામણનું ઘર કોઇ નથી. પણ તું કુણ છે અમારા બેટનો ધારો જાણે છે અમારા લોકનો ઠરાવ એવો છે કે અમારી કંન્યા પરણે તેને બેટ ઉપર રેહેવા દેવો નહીતો દરીયામાં દેવો

હવે બોલ્ય તારો શું વિચાર છે.

સુદામો—હું તમારી કંન્યા જોડે લગ્ન કરૂં શું મારી જાત વટલાવું.

માછી—કોણ પરાણે પરણાવે છે.::અલ્યો શું જુવો છો આને ફેંકી દયો દરીયામાં

સુદામો—(ભોગ મળ્યા હવે તેમ કર્યા શીવાય છુટકો નથી નહીતર આ જંગલી લોકો જરૂર દરીયામાં ફેંકી દેશે) ઠીક ભાઈ તે મારે કબુલ છે.

માછી—પણ કંન્યા પરણતાં પેહેલાં હમારા દરેક ધારા કબુલ કરવા પડશે.

સુદામો—શું ધારા છે તે તો કહો.

માછી—અમારૂ કામ કરવું.

સુદામો—શું. માછી—માંછલાં પકડવાનું.

સુદામો—શું માંછલાં પકડવાનુ પાપ કર્મ. તે તો મારાથી નહી બને.

માછી—અલ્યા શું જુઓ છો આપણો ધારો કબુલ કરતો નથી માટે નાંખો દરીયામાં (સર્વ પકડવા આવે છે તેને)

સુદામો—ભાઇ તે પણ કબુલ છે પછી

માછી—તું જે બૈરી હાથે પરણુ તે કદાપી તારા પેલી મરી જાય તો તારે તેની પાછળ સતા થવું પડવાનું.

સુદામો—પુરૂષ પાછળ સ્ત્રી તો સતી થાય પણ સ્ત્રી પાછળ પુરૂશ સતા થવું તે તો ઉંધો ધારો છે.

માછી—ઉંધો કે સીધો તારે કબુલ છે કે નહી.

સુદામો—(જો ના કહીશ તો દરીઓ તૈયાર છે) હા ભાઈ તે પણ કબુલ.

માછી—તો ચાલ્ય હમારી હાથે બેટમાં તારે વાસ્તે લગ્નની તૈયારી કરીએ

સુદામો—ભલે ચાલો (માછી લોક જાય છે) લીલા જોવાનું
ફળ. મારા ક્યાં ભાગ લાગ્યા કે લીલા જોવાની
મતી સુઝી. હવે ભોગવ્યા વીના સીધ્ધી નથી.

ગાયન. ૪૨

(ઓ પ્યારી તું ધીર મારી રહે આજ) એ રાગ
ઓ જીવડા તેં વ્હોરી ઉપાધી આજ
ઉપાધી અતીવ્યાધી જિઠાવત કરતુ—પ્રભુજી હાથે છે લાજ—ઓ
માયા મહીથી પ્રભુ છોડવશે—એ સઉ દુઃખનો ભાજ
શા માટે ખાલી પસ્તાયે—પ્રથમ કહીતી નાજ—ઓ.
મેહેર કરી માહારાજ છોડવો—લીલા કરો સઉ તાજ
નથી જોવી હવે પ્રભુ તુજ લીલા—અરજી સુણો માહારાજ—ઓ

પ્રવેશ ૪ થો.

સ્થળ—બેટ ઉપર સુદામાનું ઘર

પાત્ર—સુદામો-ગનુ-ઈચ્છી-બેટ પરના લોકો.

સુદામો—અત્રે આવે સાઠ વરસ થયાં પણ છુટવાનો રસ્તો
ના મળ્યો. ઘેર ઘરની શું દશા હશે. કૃષ્ણજીની
કૃપા ક્યાં ગઇ. ને અહીંના રીવાજથી પણ તો-
બાહ ! સ્ત્રી પાછળ સતા થવાના રીવાજથી તો
ત્રાસ પામ્યો. કાલે પેલા બીચારાને તેની મરજી
વિરૂદ્ધ સ્ત્રી પાછળ જીવતો બાળી મુક્યો. જો ક-
દાપી આપણી બૈરી મરી ગઇ તો આપણી પણ
તેજ દશા થશે. માટે સ્ત્રીની બરાબર બરદાસ
કરવી. (ગનુ આવે છે)

ગનુ—અરરરરર, મને કાંઇ થાય છે. (બેસી જાય છે.)

સુદામો—વ્હાલી તને શું થાય છે લે હું પથારી કરી આપું
તું સુઈ જા (સુવાડે છે) નાડ જોઇ (જો આ મરી
ગઇ તો આપણી પણ કાલના જેવીજ દશા થશે.

થશે.) કેમ કાંઇ આરામ લાગે છે.

ગનું—મારાથી રેહેવાતુ નથી. નહી મરી જવાની, મારી માને બોલાવો.

સુદામો—વ્હાલી તેવું ના બોલ. હાલ બોલાવું છું (જાય છે ને તેડીને આવે છે)

ઇચ્છી—બેહેન તને શું થયું છે.

ગનું—મારો જીવ ગભરાય છે હવે હું જીવવાની નથી આ છોકરાને સાચવજો.

ઇચ્છી—બેહેન તને હાલ આરામ થશે લે તારા બાપને બોલાવુ. (સુદામાને) આને સાચવજો હું એના બાપને બોલાવી લાવું.

સુદામો—બહુ સારૂ (ઇચ્છી જાય છે) હવે આ જીવે એમ લાગતુ નથી (ગનુ બુમ પાડી સુદામો પાસે આવી મરવાની તૈયારીમાં જુવે છે ગનું મરી જાય છે) ચાલ્ય સંતાઇ જઉ બુરી દશા થઇરે બાપ-લીઆ. (સંતાઇ છે) (માછી લોક આવે છે)

માછી—અરે આતો મરી ગઇ પણ પેલો ક્યાં ગયો (શો-ધી કહાડે છે) ચાલો તૈયાર થાઓ

સુદામો—ક્યાં. માછી—મસાણમાં જવા

ગાયન ૪૨

(આ અચાનક વાત શી) એ રાહ

સુદામો—ખરેખર બાળી મુકશે.

બળવુ પડશે—નહીં છોડશે—વિનવુ પણ માને બોચકશે.
પણ નહી બળવું—ડુબી મરવું—સમુદ્રતીરે—હાવા મીસે.
મુરખ સઉ તો તો ચુકશે (૨) ખરેખર
હે મુરખ આ—જંગલી જટ્ટઆ—મશાણ છે સમુદ્ર તટ આ
બસો ?૨

આજ લેવો—નકી એવો—દુખ બળવાનું—તો ટળવાનું
મન વીચારે
બનશે જે ધાર્યું કીરતારે—જીવ ખોટી જખ શાને મારે
ક્યાં લીલા જોવા મતી કીધી—હાથે ઉપાધી વ્હોરી લીધી
શીદ પસ્તાવું—સાથે જાઉ—કદી નહી મુરખ મુકશે (૨)ખરે

સુદામો—(કોઇ યુક્તિ કરવી. તેમને નાજ કહેવી એટલે જોર જુલમથી લઇ જશે. પછી ત્યાં નાહાવાની રજા મેળવતાં ફાવે) ભાઇઓ આપણે તો આવવાના નથી.

લોકો—એમ કે અલ્યા શું જુવો છો પકડીને લઇ લ્યો સાથે. (પકડીને લઇ જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—દરીયા કીનારો—દરીયાનું નદીના રૂપમાં બદલાવું.

પાત્ર—માછી લોક—સુદામો—કૃષ્ણજી

(માછી લોકો સુદામાને પકડી લાવે છે)

માછી—લે હવે તેયાર થઇજા.

સુદામો—(જરૂર આ જંગલી લોકો મને જીવતો બાળી મુકશે. જીવતા શરીરે બળી કેમ મરાય. જો એક લગાર દાઝીએ છીએ તો બળત્રા ઉઠે છે તો પછી બળી મરાયજ કેમ. ને આ લોકો છોડે એમ તો નથીજ માટે ધારેલી યુક્તિ કરી નાહાવાનું બાહાનું કાઢી ડુબી મરવું વધારે સારૂ) ભાઇઓ મને સ્નાન કરવા જવા દો પછી સુખેથી બળી મરીશ.

માછી—ભલે જા જલદી તેયાર થઇ જા (સુદામો નહાવાને બાહાને જે શ્રી કૃષ્ણ કહી દરીયામાં પડે છે દરીયો નદીના રૂપમાં ફેરવાય છે.)

સુદામો—(ડોકુ કાઢે છે-ગોમતી કીનારે કૃષ્ણને ઉભેલા
જુવે છે માહારાજ તમે ક્યાંથી.

કૃષ્ણ—શું સ્નાન કરવા આવ્યા ને ભુલી ગયા.

સુદામો—પણ તમે ક્યારના ઉભા છો.

કૃષ્ણજી—તમે ડુબકી મારી ત્યારના.

સુદામો—માહારાજ મશ્કરી શા માટે કરો છો

કૃષ્ણ—મશ્કરી શાની ? કહો તો ખાત્રી કરી આપું.

સુદામો—પણ મારી તો ખાત્રીજ છે.

કૃષ્ણ—શેની ?

સુદામો—(તેની ગતી ગહન છે. લીલા અકળીત છે. પ-
ણ મને સાઠ વરસ થયાંને તે હાલનીજ વાત
કરે છે તો ખાત્રી શી રીતે કરી આપશે માટે
કાંઇ હાલ કહેવું નહી) આપણે હાલજ નાહાવા
આવ્યા તેની ?

કૃષ્ણ—પ્રથમ જુવો કે હું હાલનોજ નાહેલો છું (આ-
તો લીલામાં ગરક થઇ ગયેલો છે) વધારે ખા-
ત્રી ઘેર જવાથી થશે.

સુદામો—ભલે પધારો. (જાય છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રસ્તો પાત્ર—સુદામો-કૃષ્ણ-બે બ્રાહ્મણો.

બ્રાહ્મણ—સુદામાજી આજ વેહેલા વેહેલા સ્નાન કરીને
આવ્યા. જતાં તો કાંઇ વાર થઇ નથી ?

સુદામો—તમારૂ ભગસંજ ઠેકાણે નથી.

બ્રાહ્મણ—રોજથી વેહેલુ છે.

કૃષ્ણ—કેમ સુદામાજી ખાત્રી થઇ ?

સુદામો—(મને તો આ ગોટાળાની કાંઇ ખબર પડતી નથી) શેની ? (વીચારમાં પડે છે)

કૃષ્ણ—આ બ્રાહ્મણોએ કહ્યું તેની (સુદામો માયામાં ગરક થઇ ગયો છે) ચાલો વિચાર શું કરો છો ઘેર બધી ખાત્રી થશે. (સુદામો જાય છે કૃષ્ણ પાછળ રહે છે)

કૃષ્ણ—સુદામો મારી લીલામાં ગરક થઇ ગયો છે. ને મને કાંઇ પણ કહી શકતો નથી. શી રીતે કહે જાતી બાપ થયો છે. છોકરા થયા છે. પણ તે તો માયામાં વીંટાયેલો છે એટલે તેને શી સમજ પડે કે આ મારી લીલા છે ઘેર ગયા પછી તાન મારી માયામાં જગાર તેની આજ દશા થાય.

કૃષ્ણ— ગાયન ૪૩

(શું કહું મારી વાત વીજનારી) એ ગઝલ

માયા છે મારી દુખ ભરી ભગી વીશ્વ ભગે ભારી દ્રષ્ટે જુવે
માટે વીચારી—વીશ્વાસ ધારી- દાખલો દેખી સંદેહ મેલો
માયા તજી મન દ્રઢ રાખીને રહે સત્ય વિશ્વાસ મહી
આપુ મજુરી તેહને હું રહું સદાનો દાસ થઇ
વિશ્વાસ જો ચુકે કદી તો જાણવું દુર હું ગયો
દ્રષ્ટે જુવોને દાખલો જે આ સુદામાનો થયો
લીલે ફસાઇ જાણે ન કાંઇ મરે મુંઝાઇ દ્રષ્ટે જુવો—માટે
વળી ઘેર જઇને તેમની વીશેશ આપું ખાતરી
કે માયાથી વીરક્ત રહે નવ ચાહે જોવા તે ફરી
વળી પુન માયા જોઇને કહેશે હવે તો દ્રઢ થઇ
પછી માયા સા સમેટીને પાવન કરૂ સત્ય દર્શ દઇ
કરે ને ભારી—મન મહી ધારી—ન કરો પ્યારી દ્રષ્ટે જુવો—માટે

પ્રવેશ ૭ મો.

સ્થળ—સુદામાનો મેહેલ (મેહેલ પાછી વૈકુંઠપુરીનો સીન)

પાત્ર—સુદામો, કૃષ્ણ, જમનાબાઇ, વૈકુંઠપુરીમાં સાક્ષાત દર્શન. સઘળાં પાત્રો

જમનાબાઈ—બહારથી કમાડ કોણ ઠોકે છે (કમાડ ઉઘાડે છે બંનેને જોઇ) આજ તો કૃષ્ણ પ્રભુ સાથે સ્નાન કરી જલદીથી આવ્યા.

સુદામો- જલદીથી કેમ.

જમનાબાઇ—હજુ રોટલી અડધી બાકી છે.

સુદામો—આ શું કહો છો !

જમનાબાઇ—પ્રાણનાથ સત્યજ કહું છું.

સુદામો—(હવે ગુપચુપ બેશી રહેવું નહીતર ફજેતી થશે) હા પ્રિયા કૃષ્ણજી સાથે હતા એટલે ઉતાવળથી આવ્યા.

જમનાબાઈ—પ્રાણનાથ આ આસન ઉપર બીરાજો હું ઉતરતી રોટલી પીરસુ છું (બાજઠ માંડે છે.

સુદામો—પધારો કૃષ્ણ મહારાજ (બાજઠ ઉપર બેસે છે)

કૃષ્ણ— સુદામાએ મારી લીલાની વાતજ ઉડાવી પણ લગાર ગમ્મત કરૂ) સુદામાજી બાર ઉઘાડો કોક ઠોકે છે.

સુદામો—(બાર ઉઘાડી આવે છે ને છોકરાં પાછળ આવે છે ને સુદામાને બાઝી પડે છે.)

છોકરાં—બાપુ બાપુ

સુદામો—કૃષ્ણજીને પગે પડી) માહારાજ હવે ઘણી થઇ ક્ષમા કરો.

કૃષ્ણ—(છોકરાંને અંતર્ધાન કરાવે છે.) કેમ સુદામા લીલા જોઈ ?

ઘરાઇ ગયો. બલીહારી તમારી લીલાની કૃપાનાથ.

સુદામો—માહારાજ લીલા જોઇ.

કૃષ્ણ-હવે કાંઇ ઇચ્છા છે.

સુદામો-હવે આપના સાક્ષાતદર્શન શીવાય અન્ય ઇચ્છા નથી.

કૃષ્ણ-લ્યો સાક્ષાત દર્શનનો લાભ (મેહેલ ફાટી વેકુંઠપુરીનો સીન સાક્ષાત દર્શન)

ગાયન ૪૪.

સર્વ પાત્રો- ઇશ્વર સ્તુતી.

નમીએ સર્વ અકળ વિભુ સત્ય શ્રી પ્રભુ
સત્ય ન્યાય નિતિને સહાય સત્ય ઇશ તું.
અડગ નેમ અચળ પ્રેમ ધારી જે રહે
અચળ સુખ નાથ તુમ પાસથી લહે
ભક્તિથી સુખ પર્મ છે, માયાથી દુઃખ છે થનાર
અડગ ભક્ત જે કરે તેના છે સાથકાર
કુકર્મ ને અધર્મ પ્રભુ ભક્તિથી છે ભાગનાર
પામે તુજ ચરણપદ માયા ત્યાગનાર
પુરો સુખી થનાર— નમ એ.

સમાપ્ત

તૈયાર છે

ભગવાન શ્રી ગિરધરલાલજીનાં પ્રેમી

પવિત્ર મીરાંબાઇ

નૉવેલ—જીવન ચરિત્ર

કાચું પુંઠું   મુલ્ય ફક્ત બાર આના

પાકું પુંઠું   મુલ્ય ફક્ત એકરૂપીઓ

ભગવાનનો પરમ ભક્ત

નરસીંહ મેહેતો નૉવેલ

મુલ્ય ફક્ત આઠ આના

થોડાવખતમાં છપાઇ બહાર પડશે

બોડાણો—રણછોડરાયનો પરમ ભક્ત

નૉવેલ—જીવન ચરિત્ર

મુલ્ય ફક્ત દશ આના

શ્રી જૈનધર્મ ઉત્તેજક

સતી લીલાવતી નૉવેલ

જૈનધર્મ બોધ તથા જૈન બંધુઓને પાળવાના આચાર વિગાર સહિત- મુલ્ય ફક્ત એક રૂપીઓ

કૃષ્ણલીલા.

વિષ્ણુ ભગવાનને કૃષ્ણ અવતાર ધારણ કરી ગોકુળ અને વ્રજમાં કરેલી લીલાઓ

મુલ્ય ફક્ત સવારૂપીઓ

ઉપરનાં દરેક પુસ્તકો રચિ પ્રસિદ્ધ કર્તા.

દલાલ જેઠાલાલ વાડીલાલ.

ઠે. સારંગપુર તળીઆની પોળ. અમદાવાદ.